# બુદ્ધિપ્રભા





માનાપમાન, લાભ કે નુકશાન, હાર કે જીત જેના મનની સમતારૂપ સ્થિતિમાં કાંઇ ફેરફાર કરી શકતાં નથી, તે જ્ઞાનિઓમાં ઉત્તમ સમજવો. આત્માનુભવ સંબંધી પૂછવામાં આવતાં જે તત્કાળ અને સંશય-રહિત ઉત્તર આપે છે, તે ઉત્તમ જ્ઞાની સમજવો. જેનામાં સંતોષ, પવિત્રતા અને મોટી આપત્તિમાં પણ ચિત્તની શાંતિ રહે છે, તેને ઉત્તમ જ્ઞાની સમજવો.

સંસ્થાપક : પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસપ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય.

# લેખકોને—

(૧) અમારો આવતો અંક દીવાળી વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે. આ વિશેષાંકમાં દીવાળી વિષયક સાહિત્યનો સમાવેશ થનાર છે. આપ જરૂરથી દીવાળી વિષે આપનું સર્જન સત્વરે મોકલી આપો. ભ. મહાવીરના જીવન પ્રસંગો, તેમનો અંતિમ સંદેશ, ગૌતમનો વિલાપ, તેમનું કેવળજ્ઞાન, દીવાળી પર્વની મહત્તા, ભ. મહાવીરનું મોક્ષગમન, વ. કોઇપણ તત્ત્વ પર આપ આપની કલમ ચલાવી આપનું સુંદર-સરળ ને સુબોધ સર્જન સત્વરે "બુદ્ધિપ્રભા" ને મોકલી આપો. ઉપરાંત "બુદ્ધિપ્રભા" વિષે આપનો અભિપ્રાય અચુક મોકલો. અમો તે જરૂરથી પ્રગટ કરીશું.

(૨) આપનું લખાણ કાગળની એક બાજુ શાહીના સુંદર અક્ષરોવાળું હોવું જરૂરી છે.

(૩) મુખપૃષ્ઠના ત્રીજા પાન પર આપેલી પ્રશ્નોત્તરીના જવાબો જરૂરથી આપો.

(૪) દીવાળી વિષયક સાહિત્યને સૌ પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૫) આપનું સાહિત્ય મોડામાં મોડુ તા. ૧–૧૦–'૬૧ પહેલાં મળવું અનિવાર્ય છે.

(૬) દીવાળી વિષયક સિવાયના સાહિત્યને પછીના અંકોમાં સ્થાન આપવામાં આવશે.

# વાચકોને—

(૧) બે વરસના ગ્રાહકોના લવાજમ આ અંકે પૂરા થાય છે.

(૨) આ ચાલુ વરસના ગ્રાહકોનું લવાજમ પણ આ અંકે પૂરૂં થાય છે.

વાર્ષિક તેમજ દ્વિવાર્ષિક ગ્રાહકોએ તેમના બાકીના લવાજમ સત્વરે કાર્યાલય પર જમા કરાવવા. અંકના ત્રીજા વરસથી લવાજમના દર બદલાયા છે. તો જુના દર પ્રમાણે લવાજમ તાકીદે ભરાવી જવું.

(૩) ત્રીજા વરસથી (અંક ૨૫ થી) નવા ગ્રાહક થનારને નવા લવાજમના દર લાગુ પડશે. જુના ગ્રાહકોને એટલે પાંચ વરસના જે આ બે વરસમાં ગ્રાહક થયા છે તેમના દર જુના જ રહેશે. લવાજમનો ફેરફાર હવેથી થનાર ગ્રાહક સભ્યો માટે છે. નવા લવાજમના દર મુખપૃષ્ઠના ચોથા પાન પર આપ્યા છે.

(૪) વધુ વિગત માટે અમદાવાદ તથા ખંભાત કાર્યાલય પર પત્રવ્યવહાર કરવો.

લિ.

તંત્રીઓ.

# બુદ્ધિપ્રભા

માસિક

તંત્રીઓ: પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૨જું
અંક ૨૩

પ્રેરક:- મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સંવત ૨૦૧૭
ભાદ્રપદ


## ચિંતન કણિકાઓ

રાત્રિનો નિરવ અંધકાર મારા કાનમાં કહી રહ્યો હતો: "શ્રદ્ધાથી સૂઈ જા, મારા સંતાન! સોનેરી પ્રભાત ઉગવાનું જ છે."

અને જ્યારે અરૂણનું એ ગુલાબી હાસ્ય જોઉં છું ત્યારે મારો આતમ બોલી ઊઠે છે: "ભગવાન હજુ નિર્દય નથી બન્યો. રાત વીતે છે અને સવાર તો પડે જ છે..."

—★—

ઈશ્વરને કાર્ટુન ચિતરવાનું મન થયું. અને એણે કાર્ટુન ચિતર્યું. નીચે લખ્યું હતું... "મા....ણ....સ...."

—★—

કહે છે મૃત્યુ મંગલ છે. અને હું એ મંગલ મૌનની સાધના કરું છું કારણ શબ્દોનું મૃત્યુ એટલે મૌન....

—★—

મારો આતમ ગાંડીવ લઈ ઊભો છે. ચાલ્યો આવ ઓ સારથી! મારો જીવનરથ તારા વિના ખોટી થાય છે....

પ્રભો ! તું મેં ભાષાની જાળમાં ભોળવાઈ ગયો કે ? મેં તો કરકસર માંગી હતી, જીવનને નીચોવી નાંખે એવી કંજુસાઈ નહિ....

—★—

ફુલને અવતાર લેવાનું મન થયું અને એ બાળક બનીને આવ્યું....

—★—

એ પાપ કરે છે ત્યારે મને દુઃખ થાય છે પણ જ્યારે એને એમ કહેતો સાંભળું છું—"બધાય એવું જ કરે છે...." ત્યારે તો હું અકળાઈ ઊઠુ છું.

—★—

પૂજારી પૂજા કરે છે ને જિંદગી તો ચંદનની ઘસાય છે. ભાવના એ ભાવે છે ને માથુ તો રોજ ઘંટનું કુટે છે. આરતિ એ ઉતારે છે ને હૈયુ તો દીપનું બળે છે. અર્ઘ્ય એ ધરે છે ને પરસેવો તો માળીનો ઉતરે છે.

હું આ જોઇ મુંઝાઉં છું. કોઇ મને સમજાવે પૂજા કોણ કરે છે ?

—★—

પ્રેમને મરવાનું મન થયું અને એણે શંકાનું ઝેર પીધું....

—★—

તારે સીતાને પરણવું છે ને રામ નથી બનવું ? તો ભાઈ ! તારી એ મુરાદ રહેવા દે. સીતા રામને જ પરણે, રાવણને નહિ....

—★—

સ્રીને કવિતા લખવાનું કહ્યું. અને એણે જગત સાહિત્યને અમર કાવ્યની ભેટ ધરી. બાળક એ સ્રીનું ઊર્મિસભર મહાકાવ્ય છે....

—★—

દેવતા ! મારા, મેં મોહનો મુગટમણી નહિ, ત્યાગની પાદુકા માંગી હતી....

—★—

રૂપ ને વાસનાના લગ્ન થયા અને રાગનો જન્મ થયો.

રાગ ને મમતા પરણ્યા અને મોહ જનમ્યો.

મોહે માયાનો હાથ ઝાલ્યો અને દુનિયાને એણે ઇર્ષ્યાની ભેટ ધરી.

ઈર્ષ્યા ને વેરે ઘર માંડયું અને જગતમાં દુઃખ ને દર્દ, વ્યથા ને વેદના બધા જનમ્યાં.

—★—

# સંવત્સરી હિસાબ માંગે છે

( તંત્રી લેખ )

પર્યુષણ પતી ગયા. સંવત્સરીના ખામણા ખમાવી દીધાં. એક વરસનો હિસાબ પૂરો થયો. નવું વરસ શરૂ થયું જ્યારે આપણે નવો ચોપડો શરૂ કરીએ છીએ ત્યારે સંવત્સરી હિસાબ માંગે છે.

**એ પુછે છે. "આપણે ક્યાં ? ધ્યેયની સિદ્ધિ કેટલી સાધી ? સંવત્સરી પ્રતિ-ક્રમણ કેટલું કર્યું ? વરસના અંતે કેટલું મેળવ્યું ? કેટલું ગુમાવ્યું ? અને ધીમેથી એ પૂછે છે : "ભાઇ ! મૂડી તો સલામત છે ને ?"**

આપણા સમાજના દરેક સજ્જને આ સવાલ છે આપણે ક્યાં છીએ એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. ટૂંકમાં ને સદર્ભમાં કહીએ તો આપણે હજી ઘાંચીના બળદની ગોળ ગતિમાં જ છીએ. સવારે જ્યાંથી ફરવાનું શરૂ કરીએ છીએ તે સાંજના ત્યાં જ આવી ઊભા રહીએ છીએ.

અને ધ્યેયની સિદ્ધિ ? જ્યાં સાધના જ ઊંધી ને અધુરી છે ત્યાં સિદ્ધિની વાત જ ક્યાં ? આ એક હકીકત છે. સૈકાઓથી આપણે આ પર્વ ઉજવીએ છીએ. તપ-જપ ને પ્રતિક્રમણ કરીએ છીએ. મોટા અવાજે મિચ્છામિ દુક્કડં દઇએ છીએ પણ અફસોસ ! તપથી આવતી સમતા નથી, જપથી આવતી શાંતિ નથી ને પ્રતિક્રમણથી આવવી જોઇતી જીવનની હળવાશ નથી. આમ શાથી ? શું તપ-જપ હવે બુઠ્ઠાં બન્યાં છે ? તો શું આપણે ખોટાં છીએ ? આપણી તો કંઈ તેમાં ભૂલ નથી ને ? નહિ તો જે નવકારથી મોક્ષ મળતો હતો, જે તપથી સિધ્ધિઓ વરતી હતી એ આજ કેમ કશું ફળતું નથી ?

આપણે તેના નગ્ન સત્યનો સ્વીકાર કરવો જ રહ્યો અને સત્યનો સ્વીકાર કરી તેનો ઉકેલ પણ કરવો જ ઘટે. આપણે આ પુનિત પર્વને બીજા તહેવારોની જેમ એક રૂઢિ બનાવી દીધી છે. તેના નોખા વ્યવહાર ઊભા કર્યા છે. દીવાળી ને હોળી જેમ જ આ પર્વના દિવસોને આપણે સ્વાભાવિક બનાવી દીધા છે. આ દિવસોની ગંભીરતાને આપણે ગુંગળાવી નાંખી છે. આનાં આદર્શોનું આપણે માત્ર પ્રદર્શન જ કરીએ છીએ. આત્માને જીવન દીનારાથી બહાર રાખીને જ આપણે આ પર્વ શરૂ કરીએ છીએ અને પૂરું કરીએ છીએ. આ પર્વની આરાધના માત્ર શરીર જ કરે છે. ઉપવાસથી શરીર સુકાય છે પરંતુ આત્મા તો અલિપ્ત ને અલિપ્ત જ રહે છે.

જે પર્વની સાધનામાં ભાવના ભરપૂર હોવી જોઇએ તે ભાવનાનો જ બધે અભાવ છે. અને બીજું સાધનને જ આપણે સાધ્ય માની બેઠા છીએ. આથી આત્માની સર્વાંગી આહ્લાદીનું ધ્યેય તો દૂર જ રહે છે.

મીત્તીમે સવ્વ ભૂએસુનો પાઠ ભણીએ છીએ, સાંભળીએ છીએ પરંતુ આપણે એ કદી વિચાર કર્યો છે કે આપણે કેટલા મિત્રો બનાવ્યા છે. અરે ! મિત્ર ન બનાવી શક્યા હોઇએ તો કંઇ નહિ પણ કોઇ દુશ્મન તો આપણે ઊભો નથી કર્યો ને ?

જીવનના મૂલ્યો જ્યારે બદલાઇ રહ્યા છે ત્યારે માત્ર જુની વ્યાખ્યાઓને ધ્યાનમાં લઇ અને તેને આગળ કરી આજની વ્યાખ્યાઓને તરછોડી કાઢી શકાય નહિ. પહેલા પાપના સાધન ઓછા હતા આજ એ વધ્યાં છે. એ વધેલા સાધનોમાં પાપનો વિચાર કરવો જ રહ્યો.

હિંસા-જુઠ-ચોરી-વ્યભિચાર ને સંગ્રહના વ્યાપ આજ ઘણા ઝીણા ને ઊંચા બન્યાં છે. ખંજરથી કોઇ પ્રાણી યા માનવીનું ખૂન કરો એ હિંસા છે. આજનું ચિંતન કહે છે માનવીની આજીવિકા છીનવી લેવી એ પણ એક હિંસા છે. તમારા બારણે બટકા રોટલાની ભીખ માંગતો ભીખારી ઊભો હોય અને તમે શાંતિથી પેપર વાંચતા હો અને તમે તેની ઉપેક્ષા કરો તો તેમાં પણ હિંસા છે. સાચી વાતને બદલે તદ્દન જુદી વાત કહેવી એ અસત્ય છે. આજનું

ચિંતન એથીય આગળ વધી ને કહે છે—સાચી હકીકતને અવળી રીતે રજુ કરવી એ પણ એક જુઠાણું છે. આપેલા સમયે તમે હાજર ન થાવ, મોડા પડો એ પણ એક અસત્ય જ છે. પહેલા એ કે વધુ પત્ની રાખો તેમાં વ્યભિચાર ન હતો. બ્રહ્મચર્યવ્રતનું તેમાં મર્યાદિત પાલન થતુ હતું. આજ તો કહે છે અમુક સમયથી (૩/૪) વધુ આપણે એ તમારી પત્ની સાથેના વ્યભિચારનું પાપ છે. કોઈની વસ્તુ લઈ જવી એ ચોરી છે એ ગઈ કાલ કહે છે. આજ તો કહે છે તમારા શ્રમ કરતાં તમને ઓછું વેતન મળે તો એ આપનાર ચોર છે. વસ્તુનો વધુ પડતો ભાવ ને તેમાંથી મેળવેલો નફો એ ચોરી છે. આમ દરેક બાબતમાં નવા મૂલ્યો આવ્યાં છે. નવી વિચારધરણી આવી છે.

આપણે સૌ આપણી જાતને પૂછીએ આમાંથી કયું પાપ સ્થૂલ કે સૂક્ષ્મ આપણે કરીએ છીએ ? આ સંવત્સરીએ તેમાંથી કેટલા અટક્યા ? કયું પાપ નવા વરસે નહિ કરવાનો નિર્ણય લીધો ?

બાકી આજે આયંબિલ કરીએ ને બીજી જ સવારે ઘણા આનંદથી દૂધ ને મીઠાઈ ઉડાવીએ તો એ આયંબિલ અધૂરું છે. સામયિક કરીને પણ સમતા ન આવે તો એ સામયિક પૂરું નથી થયું. જે પાપોની ક્ષમા માગીએ ને એ જ પાપો વરસોવરસ થતાં રહે, એ જ ઝઘડા ને ટંટા, એ જ રાગ ને દ્વેષ, સગપના જ રહે તો એ કરેલું પ્રતિ-ક્રમણ પ્રતિ ક્રમણ નથી જ. તેમાં ક્યાંય પાપથી પાછા હટ્યા એ જણાતું જ નથી. **અને જ્યાં સુધી આ પર્વમાં પ્રાણ નહિ રેડાય, ભાવના નહિ રેડાય ત્યાં સુધી ભલે કરોડો વરસો સુધી આપણે સંવત્સરી કે દૈવસી પ્રતિક્રમણ કરીએ ત્યાંસુધી આપણું બજેટ ખાધમાં જ છે. જીવનનો વેપાર દેવામાં જ છે,** એ ખાધ પૂરી કરવા કટીબધ્ધ થવા નવા વરસે સક્રિય બનીએ.

---

શ્રદ્ધાને જનમ આપવાનું મન થયું અને એણે ભક્તિને જન્મ આપ્યો. શ્રદ્ધા મા છે. ભક્તિ તેની દીકરી. પહેલીની હું પુજા કરું છું જ્યારે બીજીને તો હું અનન્ય ભાવથી ચાહું છું....

—★—

સ્ત્રીને મા બનવાનુ ગમે છે; પુરુષને પતિ....

—★—

રાતના ગુલાબ નિઃસાસા નાંખતું હતું : "હાય ! કેવા સંજોગ છે ! ને આ જિંદગી !! બસ, બધે કાંટા જ પથરાયા છે !!!"

સવારના માળી આવ્યો. ખીલેલા ગુલાબને જોઈ એ બોલી ઉઠયો. "વાહ ! શું નિર્મળ સૌન્દર્ય છે ! કાંટા વચ્ચેય એણે પોતાનો પરાગ જાળવી રાખી છે !..."

—★—

માતૃત્વની કેવી ક્રૂર મશ્કરી !!!

એણે અરૂણ-સવારને જન્મ આપ્યો ને એનું મોં જુવે તે પહેલાં તો રાત મરી ગઇ !!!...

મૃદુલ.



# ગંગાના ઓવારેથી

-લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજી



### બળતરા !....

અમારા જૈન બંધુઓ, કહું તે ધ્યાનમાં રાખો:
દશા પડતી તમારી થઇ, ઉઘાડી આંખ દેખોને.
ગરીબોની વધી સંખ્યા, મળે ન ભાખરી ખાવા
ઘણા વટલે અરે! જૈનો, તમો ના લાવતા મનમાં
નિરાશ્રય બાળકો રખડે, કરોને સહાય તેઓની
સ્વધર્મનું ખરું સગપણ, વિચારીને જુઓ મનમાં,
ઉડાવો છો મઝા મોઝો, કરો લખલૂટ લક્ષ્મીની
તમારી કોમના માટે, કરી સેવા કહો કેવી ?

..........................................................................

નકામા ખર્ચતા લાખો, રૂપૈયા નાત લગ્નોમાં
તમારી કોમની વ્હારે, ચઢો ઝટ જૈન બંધુઓ.

### અભિમાન.

જુલ્મ કરો !! નહિ જોરને પામી, તન ધન સત્તાનું શું જોર
ઝડપે આવી કાળ અચાનક, તારું ત્યાં નહિ ટકશે તોર.

### દ્વિભાષી.

કહેણી રૂપા જેવી જાણો, રહેણી તે તો રત્ન સમાન
કહેણી સમ રહેણી છે જેની, તેહ પ્રમાણિક દેવ સમાન.
કથની કરે પણ જે નહિ વર્તે, લુચ્ચો જગમાં લંઠલબાડ
કથનોની કીંમત છે કોડી, વર્તન વણ દુર્ગતિની ખાડ.

### સુધારક ?....

સુધરેલા નામે બગડેલા – કુશ્રધ્ધા નાસ્તિક ને સ્હેલ
દુરાચાર દુર્ગુણથી સડેલા – શાના તેઓ કેળવાયેલ
સુધર્યા તે સાચા જગ જાણો !! દુર્ગુણ દુર્વ્યસનોથી દુર
સદ્ગુણ સદાચારમાં રહેતાં, પામ્યાં આતમ આનંદ પૂર

સદ્વર્તન વણ કોઇ ન સુધર્યા, સદ્વર્તની છે ધર્મીએશ
સદ્વર્તન વણ સંત ન સાધુ, સાધુ જેને રાગ ન દ્વેષ.

## માયાની મા.

વેશ્યા વૈદ્ય ને વકીલ ત્રણે – રોકડીયાં છે વિધ્ધ મઝાર
વણિક વેશ્યા વૈદ્ય વકીલથી – માયા પ્રગટી જગ નિરધાર

## શ્રદ્ધા.

શ્રદ્ધા સમ બળ કોઈ ન જગમાં, શ્રદ્ધામાં સઘળી સબળાઈ
શ્રદ્ધા વણ છે આતમ મડદું, શ્રદ્ધા વણ નહિ ધર્મની શક્તિ.
શ્રદ્ધા વણ મડદા સમ માનવ, શ્રદ્ધા વણ નહિ સબળી વ્યક્તિ.

## આદેશ.

નવ યૌવનમાં ખત્તા ખ !! નહિ યૌવનમાં ખા !! નહિ ઠેસ
નવ યૌવન છે ગદ્ધા જેવું– જેવી તોફાની થઇ ભેંસ.
નવ યૌવન છે રેલના જેવું, નવ યૌવન વિદ્યુત્ ચમકાર
નવ યૌવનમાં તોફાનો બહુ, નવ યૌવનમાં રસ પણ સાર.
નવ યૌવનમાં ખસી પડો !! નહિ, ક્ષણ ક્ષણ યૌવનને સંભાળ !!
નવ યૌવનમાં ધર્મ કરી લે !! દેવ ગુરૂ પર ધરજે પ્યાર.

## બ્રહ્મચર્ય.

વીર્યની રક્ષા બ્રહ્મચર્યથી, કરશો જગમાં નર ને નાર
વીર્ય ગયું તો સર્વ ગયું એમ સમજી વીર્યનું રક્ષણ ધાર !!
વિના વીર્ય કોઇ વીર ન બનતો, વિના વીર્ય જીવો મડદાલ
મન વચનનું આતમના વીર્યનું, રક્ષણ કરવા ધરશો વ્હાલ.
વિષય ભોગ મૈથુન કર્મ જે, વીર્યાદિકનો કરતો નાશ
જગમાં જીવતાં જ મરેલો, હડકાયા કૂતરા સમ ખાસ.
વળી વાસના નિયમ વિના જે, વીર્યને હારે નર ને નાર
દેશ કોમ ને ધર્મની પડતી, કરતાં તેઓને ધિક્કાર
વિષય વાસના હડકવાયું, વારો !! કોટી કરી ઉપાય
વામા દેખી વિષય ન જાગે, બ્રહ્મચર્ય ત્યારે સુખદાય.

## ભૂલ્યા ભોમિયાને—

આતમ કરે મારું તારું, સ્વપ્ન સરીખી દુનિયા બાજી
ન્યારો જે તુજથી ન્યારું.
કંચન કામિની સારું નઠારું અંતે સર્વ અકારું
ભુલ કરી કેમ ભૂલે ભોળા ! વાગે મૃત્યુ નગારું.
જગમાં કોઇ ન કોઈનું, યોગ તેનો વિયોગ
ન્યારો પ્યારો ન જડ વિષે, ન્યારા દેહને યોગ.



# શ્રી જિનદર્શન દર્શિની

લે. મુનિરાજ શ્રી યતીન્દ્રવિજયજી (વ્યાકરણ તીર્થ)

અનંતભવોમાં દુર્લભ એવા જિનશાસનને પ્રાપ્ત કરેલ મહાનુભાવો, અનંતજ્ઞાની પરોપકારી શ્રી તીર્થંકર પરમાત્માની આરાધના કરવા તૈયાર થયેલાને અનંતજ્ઞાની શ્રી સર્વજ્ઞ ભગવંતના દર્શન, પૂજનાદિમાં અપૂર્વ વીર્યોલ્લાસ લાવવા માટે તેમજ અવિધિ આશાતનાદિથી બચી જઇ ત્રિકરણ શુધ્ધિએ આરાધના કરવામાં સાચવવાલાયક દશત્રિકનો આછો પરિચય આ 'માર્ગ દર્શિનિમાં' આપવામાં આવ્યો છે.

(૧) **નિસીહિત્રીક :-** પહેલા નિસીહિથી ઘર સબંધિ આચારનો ત્યાગ કરવામાં આવે છે. તે દેરાસરના પગથીએ ચઢતા બોલવી જોઇએ. બીજી નિસીહિથી જિનાલયોના માણસો સાથેની વાતચિત તેમજ દેના વહીવટ સબંધિ સર્વ કાર્યોનો ત્યાગ થાય છે. અને તે જિનમંદિરના રંગમંડપમાં પ્રવેશ કરતાં બોલવી જોઇએ. ત્રીજી નિસીહિ દ્રવ્યપૂજા (જલ, કેસર, પુષ્પ, ધૂપદીપ, અક્ષત, નૈવેદ્ય) વગેરે કર્યા પછી ભાવપૂજામાં આવી દ્રવ્યપૂજાનો ત્યાગરૂપ છે અને તે ચૈત્યવંદનના સમયે બોલવી જોઇએ.

(૨) **પ્રદક્ષિણાત્રિક :-** પહેલી પ્રદક્ષિણા સમ્યગ દર્શનની આરાધના માટે છે. બીજી પ્રદક્ષિણા સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ માટે છે. ત્રીજી આરાધના સમ્યગ ચારિત્રની પ્રાપ્તિ માટે છે. માટે મધ્યદ્વારમાં પ્રવેશ કરી શ્રી જીનેશ્વરદેવનાં દર્શન કરી **"નમો જિણાણં"** કહી ત્રણ પ્રદક્ષિણા કરવી જોઇએ. અને તે ભગવાનની જમણી બાજુથી કરવી જોઇએ.

(૩) **પ્રણામત્રિક :-** 'અંજલિબધ્ધ પ્રણામ' (પ્રભુની સન્મુખ થએ બે હાથ જોડવાને) 'અર્ધવિનત પ્રણામ' (અર્ધ અંગ નમાવવું) પંચાંગ પ્રણામ અર્થાત્ સર્વ અંગેથી નમસ્કાર કરવો અથવા સર્વ ઠેકાણે ત્રણ વાર મસ્તકાદિ નમાવવું.

(૪) **પૂજાત્રિક :-** અંગપૂજા સાત પ્રકારની શુધ્ધિથી શુધ્ધ થઇને શ્રી તીર્થંકર પરમાત્માની પૂજાસ્તવના ચંદન અને પુષ્પ આદિથી કરવી જોઇએ. પુરુષોએ જમણી બાજુ ઉભા રહી અને સ્ત્રીઓએ ડાબી બાજુએ ઉભા રહી વિવેક પૂર્વક નવઅંગે તથા ઉપાંગે ફક્ત નવ વખતજ આંગળી કેસરમાં બોળીને નખ ન અડકે, તેમજ ભગવાનના અંગ ઉપર કેસરના રેલા ન ઉતરે તેવી રીતે નવઅંગની પૂજાના દોહા બોલવાપૂર્વક પૂજા કરવી, તે ભાવોલ્લાસની વૃધ્ધિનું કારણ છે. પૂજાકરનારના મુખનો શ્વાસ ભગવાનને ન અડકે તેવીરીતે અષ્ટપડવાળો મુખકોશ બાંધવો જોઇએ.

(૫) **ભાવપૂજા :-** ત્રણલોકના નાથની સ્તુતિ તથા ચૈત્યવંદન કરી ભાવપૂજા કરવી જોઇએ. અગ્રપૂજાથી વિઘ્નો નાશ પામે, અંગપૂજા કરવાથી આબાદી થાય અને ભાવપૂજા કરવાથી મોક્ષ મળે છે.

પુજાત્રિકથી આત્મા પુણ્યાનુબંધિ પુણ્ય બાંધી પરંપરાએ દેશ વિરતિમાંથી સર્વવિરતિમાં આવે છે અને મોક્ષ માર્ગને સરળ બનાવે છે. શ્રી તીર્થંકર પરમાત્માના વિનયરૂપ પૂજા એક પ્રકાર અભ્યંતર

તપ– કહી શકાય તેવી પૂજા મલિન કર્મોનો નાશ કરે છે.

(૬) **અવસ્થાત્રિક** :– પિંડસ્થ અવસ્થા (છદ્મસ્થ અવસ્થા શ્રી જિનેશ્વર ભગવાનની પ્રક્ષાલપૂજા કરતી વખતે જન્મ રાજ્ય અને શ્રમણ અવસ્થા વિચારવી જોઇએ. 'પદસ્થ અવસ્થા' (કેવલી અવસ્થા) ભગવાનની બાજુમાં રહેલા અષ્ટપ્રાતિહાર્યોદ્વારા વિચારવી.

'રૂપરહિત અવસ્થા' (સિધ્ધાવસ્થા) પર્યંકાસન અથવા કાઉસ્સગ્ગ મુદ્રા દેખી ભગવાન કર્મ ખપાવી મોક્ષ ગયા છે તેમ વિચારી પોતે કર્મ – રહિત થઇ મોક્ષે જવા ભાવના ભાવવી.

(૭) **ત્રિદિશા નિરીક્ષણ ત્યાગ** :– ઉપર નીચે અને આજુબાજુ અથવા જમણીબાજુ ડાબીબાજુ તથા પાછળ જોવું ન જોઇએ પરન્તુ શ્રી જીનેશ્વર ભગવાનની સન્મુખ દ્રષ્ટિ રાખી ગુણોની સ્તવના કરવી જોઇએ.

(૮) **પ્રમાર્જનાત્રિક શ્રી મુનિમહારાજ અથવા શ્રાવક** :–ઓઘાથી અથવા ચરવલાથી અથવા ખેસઆદિથી ચૈત્યવંદન કરતી વખતે ત્રણ વખત પુંજવી જોઇએ કે જેથી ખમાસમણાં દેતાં નીચે જીવ જંતુ ન મરી જાય તેનો વિવેક જળવાય.

(૯) (૧) **આલંબનત્રિક** :– વર્ણાલંબન ચૈત્યવંદન કરતી વખતે સુત્રોના અક્ષરપદ સંપદા આદિ શુધ્ધ બોલવા જોઇએ, જેથી ભાષા મધુર બને.

(૨) **અર્થાલંબન** :– સુત્રો બોલતી વખતે અર્થની વિચારણા કરવી જોઇએ જેથી તેના મહાનપણાનો ખ્યાલ આવે.

(૩) **પ્રતિમાલંબન** :– પ્રતિમાજીની સન્મુખ દ્રષ્ટિ રાખી તેમનુ ધ્યાન ધરવુ જેથી ઉપયોગ બીજે જવા ન પામે અરિહંત સ્થાપના જિનની જગતના ઉપકારને માટે કેટલી જરૂરી છે તે સમજાશે.

(૧૦) (૧) **મુદ્રાત્રિક** :– **યોગમુદ્રા** :– દશ આંગળીઓ પરસ્પર અંતરિત કરી કમળના ડોડાના આકારે બે હાથ ભેગા કરી પેટના મધ્ય ભાગે કોણી રાખવી તે યોગમુદ્રા કહેવાય છે.

(૨) **જિનમુદ્રા** :– બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળાનું અંતર અને પાછળ તેનાથી થોડુ ઓછું અંતર રાખીને ઉભા રહેવું તે

(૩) **મુક્તા શુક્તિ મુદ્રા** :– બે હાથ સરખા પણ પોલા જોડી રાખી કપાળે અડકાડવા તે ત્રણ મુદ્રાથી કયાં કયાં સૂત્રો બોલાય તેની સમજ યોગમુદ્રાથી પંચાંગ પ્રણિપાત (ખમાસમણ) અને સ્તવનપાઠ (નમુત્થુણં) જિનમુદ્રાથી અરિહંત ચેઇઆણં અને કાઉસ્સગ્ગ વગેરે થાય છે. મુક્તાશુક્તિ મુદ્રાથી જાવંતિ ચેઇઆઇં જાવંત કેવિસાહૂ અને જયવિયરાય સુત્ર બોલાય છે.

(૧૧) **પ્રણિધાનત્રિક** :– મનની એકાગ્રતા, વચનની એકાગ્રતા અને કાયાની એકાગ્રતા રાખવી જોઇએ, અથવા તો ચૈત્યવંદન (જાવંતિ) મુનિવંદન (જાવંતિ) પ્રભુની પાસે પ્રાર્થના સ્વરૂપ (જયવિયરાય) આ પ્રણિધાનત્રિક છે.

પરમતારક શ્રી જીનેશ્વર ભગવાનના દર્શન તેમજ પૂજનમાં ભવ્યાત્માઓએ આ દશત્રિકને જાણવા જોઇએ અને આદરવા જોઇએ.

શ્રી જિનેશ્વર ભગવાનનાં દર્શન કરતી વખતે આ દશત્રિકને ખ્યાલમાં રાખી જે ભવ્યાત્માઓ દર્શન, પૂજન, વંદન સ્તવન કરે છે, તે ભવ્યાત્માઓ આ ભવમાં સુખશાંતિ મેળવી મોક્ષ માર્ગના આરાધક થાય છે.

**તા. ક.** :– વિશેષ જિજ્ઞાસુએ શ્રી ચૈત્યવંદન ભાષ્યમાંથી વાંચી લેવું. એજ સમજદોષથી કાંઇ વિપરીત લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં દઉં છું.

# ગાતાં ફૂલ

લે. વિમર્શ

"યશોદા ! તારો વર્ધમાન તો હવે ગયો !... તારૂં શું ? તને હવે મારે શું માનવું ? સધવા કે વિધવા ? ત્યક્તા કે પ્રોષિત ભર્તૃકા ? બેન ! હવે તું જિંદગી કેવી રીતે ગુજારીશ ?"

વર્ધમાને દીક્ષા લીધી તે સાંજે મેં એને પૂછ્યું.

"હા ! વર્ધમાન તો ગયો !...હંમેશ માટે ગયો. પણ તેથી શું ? અને હું તો પૂજારણ છું, પૂજારણ વર્ધમાનની હું તો. એની પૂજા એ મારો ધર્મ છે. એની ભક્તિ એ મારૂં કર્તવ્ય છે. એની સેવા એ તો મારી સાધના છે.

હું સધવા ભલે ન રહી. હું એની પૂજારણ છું. અને હું વિધવા તો નથી જ, નથી મારો વર્ધમાન તો હજુ શ્વાસ લે છે. હું તો એની પ્રેમ-દીવાની છું ને ત્યક્તા ?? ના, ભાઇ ! ના, એવું ના કહીશ. એ શબ્દ સાંભળી મારા જિગરમાં લાખ લાખ શૂળ ભોંકાય છે. એ મને તરછોડીને ગયો જ નથી. પેલા ગૌતમની જેમ એ મને ઊંઘતી મૂકીને નાસી નથી ગયો. મારો વર્ધમાન તો વીર છે.

એણે મને જતા અભાઉ કીધું છે— "યશોદા ! રજા આપ. હું જાઉં છું. તારી સ્વીકૃતિ તો મારી યાત્રાની મંગલ નિશાની બની જશે..."

અને મેં જ એને રજા આપી છે. હસતા મોંએ એની આરતી ઉતારી, મેં એને વિદાય આપી છે. આથી ભાઈ ! ફરી મને ત્યક્તા ના કહીશ. એમ કહી એ મહા મૂલા પ્રેમ સાગરમાં તું ખારા વર્તુળ ઊભા ન કરીશ...ન કરીશ.

અને હું તો એ મહા સફરના મહાયાત્રીની અનુગામીની છું. એના ચરણ અંકિત સ્થાનો તો મારી જીવન યાત્રાના હવે પુણ્યધામો બનશે.

એ જ્યાં જ્યાં જશે, જ્યાં જ્યાં વસશે ત્યાં ત્યાં એના સ્મૃતિ મંદિર ઊભાં કરીશ. એની એ પ્રેમ-મૂર્તિનાં હું તેમાં પ્રતિષ્ઠાપન કરીશ. મારા એ મન-મૂરતની હું રોજ પૂજા કર્યા કરીશ. એના નામની માળા જપીશ. એના સંસ્મરણોની હું સ્તવના કરીશ. અને એની પૂજારણ બની એની ચરણ ધૂલીને મારી સેંથીમાં પૂરીશ એની યાદનો કપાળમાં કુંકુમ તિલક કરી એની જોગણ બનીને હું તો જીવીશ.

અને ભાઇ ભૂલી ગયો ? પેલા માંડવામાં મેં એને હાથ આપ્યો હતો સાથનો કોલ આપ્યો હતો. ત્યારે મેં એને મારો પતિ માન્યો હતો.

આજ હવે હું એને મારો દેવ માની પૂજા કરીશ એની કલ્પના મૂર્તિની હું આરાધના કરીશ.

એના અવનવા શિલ્પ બનાવી હું એની અર્ચના કરીશ. કારણ એ મારી પૂજા છે. હું એની પૂજારણ છું.

હું સધવા નથી, એની પૂજારણ છું હું વિધવા નથી, એની ઘેલી-દીવાની છું. ત્યક્તા તો હું નથી જ નથી. ભાઈ ! હું તો એની જોગણ છું, જોગણ..

° ° °

વહાલા જીવનધન મારા !

તારૂં નામ તો મારા આત્માનું સ્તવન

બન્યું છે.

મારા કામમાં ને આરામમાં, મારી પ્રવૃત્તિ ને નિવૃત્તિમાં, આશા ને નિરાશામાં, ઉત્સાહ ને થાકમાં, ઉમંગને ઉદાસીમાં. એકાંત ને ભીડમાં, આળસ ને સ્ફુર્તિમાં, વાચન ને લેખનમાં, વિચાર ને વર્તનમાં, પ્રકૃતિ ને ઘરના એક ખૂણામાં, સભા ને સરઘસમાં, મહેલ ને મેદાનમાં—બધે જ અવકાશના અણુએ અણુમાં

વહાલા ! જીવનધન મારા !

તારું નામ તો મારા આત્માનું સ્તવન બન્યું છે.

તારો સ્પર્શ તો દૂર રહ્યો. પણ તારા નામનો પણ સ્પર્શ મને પ્રેરણા દઇ જાય છે.

હું તારા નામનો અક્ષરે અક્ષર છુટો પાડી ઘૂંટું છું અને મારા શોકીત હૈયાને આશ્વાસનની ઉષ્મા મળે છે.

કંઇક સુંદર જોઉં છું ને તારું નામ હું બોલી ઉઠું છું. કારણ જીવિતેશ ! મારા, તું તો સૌન્દર્યની અપ્રતિહત પ્રતિમા છે !...

નદીનો કીનારો, એના મોજાઓનો કલકલ નાદ અને અનિલની શાંત, મીઠી લહેરો તેમાંય સંપૂર્ણ એકાંત. નાથ ! ત્યાં તો તારા નામનો જાપ ચાલે છે.

કારણ એ નદી કીનારે મેં તને પ્રશાંત બની સોહમના જાપ જપતો જોયો છે. અલખના નાદ ઘૂંટતો જોયો છે.

હા ! આજ તો તું ત્યાં નથી પણ નદીના એ મધુરા નાદમાંથી તારા શ્વાસનો એ ધબકાર, એ મર્મર સંગીત હું આજ પણ સાંભળી શકું છું.

નદીના એ છલબલ સંગીતને સાંભળ્યા કરું છું. શૈશવની દોડ સમા, એ મોજાઓને જોયા જ કરું છું. તાક્યા જ કરું છું. અને એના કીનારે ઊભો ઊભો તારા અનેક સંસ્મરણો યાદ કરું છું. ને તું જાણે ત્યાં જ છે, મારી સામે આંખથી આંખ માંડી ઊભા છું એમ માની હું ઘણી ઘણી વાતો કરું છું.

ત્યારે આંખો ભૂતકાળમાં ચાલી જાય છે અને હોઠ તારા નામનું રટણ કર્યા કરે છે.

એ સમયે તો મોજાના દરેક ઉછાળામાં તારા નામનો અવાજ આવે છે. પવનના દરેક સુસવાટમાં તારું સ્મરણ આવે છે.

અને જ્યારે ત્યાં કોઇ વિરહવેલો બંસરીના નાદમાં એના વિરહને ઘુંટે છે. ત્યારે વિરહ જે પછડાટ ખાય છે, એનો જીવ જે તરફડે છે ત્યારે તો મારા આત્માના યે આત્મા ! હૈયુ મારુ વિકળ બની જાય છે.

મૌનના બંધ ત્યારે તૂટી જાય છે અને હું મોટેથી તારું નામ બોલી ઊઠું છું :

વી...ર વી...ર મ...હા...વી...ર

વ્હાલા ! જીવનધન ! મારા,

તારું નામ તો મારા આત્માનું સ્તવન બન્યું છે...

---

★ શાસન સમાચાર વિભાગમાં ધાર્મિક સમાચારો ટુંકામાં મુદ્દાસર દર મહિનાની તા. પાંચમી સુધીમાં મોકલવા વિનંતિ છે.

★ બાકી પડતું લવાજમ ભરપાઇ કરી આકર્ષક ભેટ પુસ્તક મેળવો.

★ નવા દશ ગ્રાહક બનાવી આપનારને "બુદ્ધિપ્રભા" એક વર્ષ સુધી ભેટ મોકલવામાં આવશે.

★ આ માસ અંકમાં "જિનાજ્ઞા વિરૂધ્ધ" કંઇપણ અજાણપણે છદ્મસ્થભાવથી કે પ્રેસદોષથી લખાઇ ગયું હોય તે બદલ ત્રિવિધ ત્રિવિધ ક્ષમા ચાહીએ છીએ.

# નીતિ યાને લક્ષ્મી પુંજ

લેખક : માણેકલાલ છગનલાલ મહેતા અમદાવાદ.

એક સજ્જનપુર નામે સુંદર નગર હતું. તેમાં ઘણીખરી જનતા, સજ્જન ને ધર્મીષ્ટ હતી. તેથી તે નગરનું નામ સજ્જનપુર ગણાતું હતું. નીતિને ધર્મ જ આપણને ધારણ કરી શકે છે. જ્યાં ધર્મનો અભાવ હોય છે અને પુર્વની પુણ્યાઈ—કમાણી ખપી જાય છે ત્યાં અનેક આધી-ઊપાધી ને વ્યાધીનાં પોટલાં એક પછી એક ખડકાતા જાય છે. હે સંસાર અટવીના મુસાફર! જો નીતિ ને ધર્મ, તમારા જીવનમાં જીવતાં રાખશો, તો આ સંસારરૂપ દાવાનળ કદી તમને સંતાપ દેશે નહિ. બીજાનું ધન જોઈ, માનવી પોતે ધન મેળવવા જેટલાં તરફડીયાં મારે છે તેટલો પ્રયાસ જો પુણ્ય ઊપાર્જન માટે કરતો હોય તો, ધન આદિ સંપત્તિ આપોઆપ ખડી થાય છે જ્યાં પુન્યાઈ નથી ત્યાં ગમે તેટલા ઊંચા-નીચા થાઓ કે પછાડા મારો પણ કાંઇ જ પેદા થાય નહિ. ને ધુળ જ ચોટે. આ સજ્જનપુરમાં એક સજ્જન કરીને વણીક હતો. તેની પાસે સંપત્તિ ન હતી તેમજ આપત્તિ પણ નહોતી. લક્ષ્મીથી દરીદ્ર હતો પણ નીતિવાન હતો. જે સત્યની કે ન્યાયની રોજી મળે તેમાં તે પોતાનું જીવન નાવ હાંકતો હતો. તેને ગુણીયલ નામે, કોલેજમાં નહિ ભણેલી પણ જ્ઞાની, પત્ની હતી. તે ધર્મધ્યાન કરતી હતી. પોતાના પતિ સાથે જ્ઞાન વીનોદ કરતી કે :— ઓછી સંપત્તિ એટલે ઓછા આરંભ-પ્રારંભ અને ધર્મપરાયણ રહેવાની એક તક સારી જોગવાઈ કરી દે છે. જીવ મોકળો રહી, આર્તધ્યાન કરતો અટકે છે. તે પોતાના પતિને સમજાવતી હતી કે :—

"બાહ્ય ક્રીયામાં રાચતા, અંતર ભેદ ન કાંઇ, જ્ઞાનમાર્ગ નીષેધતાં, તે ક્રીયા જડ આંહી." અર્થાત્ બાહ્ય ક્રીયામાં જ રાચી રહ્યાં છીએ લુગડાં, વેષ, વાડા, ગચ્છ, શોભા દેખાડવાનો ધર્મના નામે વૈભવ, બાહ્ય રૂઢીથી બહીરંગ ક્રીયા, મનના વિકલ્પ આદીમાં ઠીક ઠીક માને છે અને તે ઉપર રાગ—મમતા કરે છે, આપણો વીતરાગનો ધર્મ છે એ ભુલાઈ દેહાદિ યોગની અગર બાહ્ય ક્રીયાને આત્માની ક્રીયા માને છે અથવા એનાથી મને સુખ થશે, આ પુણ્ય કરશું તો સુખ પામશું અને પરંપરાએ મોક્ષ મળશે એમ માને છે. આવું ક્યાંથી ઠસી ગયું છે કે કોઇએ ઊંધા ચશ્મા ચઢાવ્યાં છે કે કોઈ જાતે ચઢેલાં ઊંધાં ચશ્માં ખોલતા કે- ખોલાવતા જ નથી? આત્માને સ્પર્શ્યા વીનાની આ ક્રીયા જડ છે. કોઇ વ્રત-તપ, રોટલા દેહને ના ખાવા દેવા એ ઉપવાસ, સ્ત્રી સંગ ન કરવો એટલે બ્રહ્મચર્ય, જીવને, ના મારીએ એટલે દયા:- આવી આવા બાહ્ય ક્રીયામાં રાખીને રાચી, તે આત્મજ્ઞાન વીસરતો જ જાય છે ને આવું આત્મજ્ઞાન વીસરતાને કોઇ કહેનાર નથી કે મહાનુભાવ! તારૂં—આત્મજ્ઞાન સાથે જોડતો રહે!!! કેટલીક વખત તો આત્માના ભાન વીના, સાચી શ્રદ્ધા વીના, અંતરમાં માન, માયા, સઅવડતા, પુણ્યની ભાવના સેવતો હોય તો તે આત્માના ઘાત કરનાર, મોહ કર્મ મીથ્યાત્વ કર્મના અનેક પાપ બાંધે છે. જાત્રાએ જનાર વિચારતો નથી કે આ રેલગાડીમાં બેસતાં હજારો જીવના સંહાર કરતા યંત્રનું હું પોષણ કરી રહ્યો છું તેને એમ દુઃખ

જેવી થતું કે ના છુટકે, દીલના દુઃખે આવા સંહારક સાધનનો હું ઉપયોગ કરું છું. મારું હૃદય ડંખે છે ને ના પાડે છે. યાત્રાર્થીને આ વિચાર જ નથી. ધર્મની યાત્રાએ જનાર, પોતાનું સેકન્ડ કે ફર્સ્ટ ક્લાસનું રીઝર્વેશન કરાવી, મહીના કે બે મહીનાનો સુખ શાંતીયો પ્રવાસ કરે ને તેમાં રાચે છે ને માને છે કે મેં મોટી લાંબી જાત્રા કરી. બીજા થર્ડ ક્લાસના યાત્રી કરતાં હું સુખસગવડથી જાત્રા કરી આવ્યો. કોઈ જગ્યાએ કાંઈપણ અડચણ પડી કે વેઠવી પડી નથી- આવો ફુડી, આ ભાઈની જાત્રાના શા ગુણ ગાવા. વડીલો તે એકા, ડમણીઆ કે ગાડામાં જાત્રા કરતા ને કેટલુંક ચાલીને જ જતા. એમને જાત્રામાં મોજ કે સુખનો જરાપણ ખ્યાલ આવતો નહિ. એ તો યાતના ભરેલી જાત્રા એજ જાત્રા સમજતા. અને અંતરને ઉછાળતા. ત્યારે તમને તો થર્ડક્લાસ પણ ના ચાલે! ખરું ને? માટે જ શ્રી-વીરવિજયજી કહે છે કે "અરિહાપુજ અરોચકા, તે જીવ નરકે જાય, સલુણા" અરહંતની પુજા, અરૂચીથી કે ભાવ વગર, કરનાર નરકે જાય, પેલો પુજા ભુલેલો, પણ રૂચીવાળો આત્મા ઘેર રહેલો છતાં તે નરકે ના જાય.

યાતના (કષ્ટ) ભરેલી યાત્રા એજ ખરી યાત્રા છે ને તેજ ઉલ્લાસ, પૂણ્ય કે નીર્જરા કરનાર બની શકે છે. એક વર્ષ આહાર વગર રહેલા આદી-શ્વર દાદાને પુજી, શેત્રુંજા ઊતરનાર, સીધ્ધાચલની ભુમી ઉપર જ, પેટ ભરતાં જીભડીને વધારે સંતો-ષવા, જેના ઉપર કેટલાએ જંતુઓ પડેલા છે, ધુળને પેટ્રોલના રજકણો પડેલાં છે એવાં ઉઘાડાં આરોગ્યને હાની કરનાર, ચેવડા, પપૈયાની છીણ, હાકમના દાણા, કચુંબર, દહડતી ચટણી વીગેરે ખાવા તત્પર હોય છે. પેટના સંતોષ માટે લાડવો-ગાંઠીયા કાફી છે છતાં આહારસંજ્ઞા, તે પવીત્ર ભુમી ઉપર જ, આ યાત્રા જુતતો નથી. કોઈ જાત્રા કરવાનું સ્થળ બતાવીએ તો પહેલો પ્રશ્ન એ નથી હોતો કે તીર્થ કોનું ને કેવું છે? પણ ત્યાં બધી સગવડ છે કે નહિ એજ પ્રથમ પ્રશ્ન હોય છે. એટલે ત્યાં મોજ જેવું છે કે નહિ? યાત્રા કરનાર જો સફર કરવા ના નીકળ્યો હોય ને કાંઈક આત્માનું સાધનાર હોય તો આવા પ્રશ્ન કરે નહિ. તમે કેટલું કર્યું તેની કીંમત નથી પણ તમે કેવું કર્યું તેની કીંમત છે. Quality counts, and not quantity. કલ્યાણ મંદીરમાં શ્રી. સીધ્ધસેન દિવાકર કહે છે:— યસ્માત્ ક્રિયા પ્રતિફલંતિ ન ભાવ શુન્યા: જે કારણ માટે ભાવે કરી રહિત એવી ક્રીયાઓ ફલ આપતી નથી.

વાણીયાને લાડવા જમાડવા એટલે નવકારશી, કાયાને રોટલા ના આપવા એટલે ઉપવાસ અને કાયાને ઊભી રાખી એટલે કાઉસગ્ગ. જો તેમ કાયાનો ઉત્સર્ગ થતો હોય તો ઝાડ વીગેરેને પણ ધર્મ થાય લોકોને બહારનું મહાત્મ્ય દેખાય છે કે જાણે આત્મામાં કાંઈ માલ નથી. જેમાં માલ છે તેને માલ તરીકે જોતા નથી અને જે માલ નથી તેને માલ તરીકે પીછાન્યો છે. આખી જીંદગી દેહાદિ વગેરે બાહ્ય ક્રીયામાં રાચનારાઓએ, સામાયિક ઉપવાસ, વ્રત, તપ કરી, કરી, પુંજણી-ચરવળા ઘસી નાંખ્યા ને કેટલાંએ પાથરણાં ફાડી નાંખ્યા છતાં હું કોણ? હું શું કરી શકું? કે શું ના કરી શકું? તેનું ભાન નથી. બેચાર ઘડી એક સ્થાને ફક્ત કાયાને રોકી રાખે તેને સામાયિક માને, સંવર કે નીર્જરા માને તેવી ક્રીયાથી આત્મ ધર્મ તો દૂર રહ્યો પણ પરીણામે પુણ્ય નથી. જ્ઞાનક્રિયા-ભ્યામ્ મોક્ષઃ ક્રીયા જ્ઞાન યુક્ત હોવી જોઈએ અને જ્ઞાન પણ ક્રીયામાણ હોવું જોઈએ. મનના શુભ ને શુદ્ધ પરીણામનો રાગ કે રાહ હોય તો તેથી જરૂર પુણ્ય બંધાય, સીવાય નહિ. આમ છતાં પણ, તે મોક્ષ માર્ગની પ્રાપ્તીનો હેતુ તો બનતો જ નથી. પાપ અને પુણ્ય બંનેય બંધ છે. પછી ભલે તેના ભેદ જુદા હોય.

ગુણીઅલ શ્રાવિકા તેના નામ પ્રમાણે ગુણની ભરેલી હતી. પોતાના પતિને દરીદ્રતાના ડંખ લાગવા દેતી નહીં. પણ સંતોષને ધર્મ યુક્ત વચનોથી શ્રીમંતાઈ દાખવતી હતી. જ્યારે જ્યારે તે જડ

જીવોને ક્રીયા કરતાં નીહાળતી ત્યારે તેનું હૈયું ડંખતું કે આવા જીવો કાયાને શેકી નાંખે છે પણ તેમના આત્મ જીવનમાં તેની અસર દેખાતી નથી. ક્રીયા જો કર્મનું પરીવર્તન ના કરે તો શું ? ક્રીયાની ભારોભાર જરૂર છે પણ તે જીવન કાર્યવાહીને શુભ પલટો આપે તો જ. તે પતિ-પત્નિના કર્તવ્યમાં જ્યારે તેમને જડતા જણાતી ત્યારે તે પોતાના પતિને સુચવતી કે દિવેલ વગરની દીવેટ સળગાવવાથી, કેટલો પ્રકાશ આપે ને કેટલો ટકે ?

એક મથુરભાઈએ વ્રત કર્યું ને તે ઊજવવાની કંકોત્રી કાઢી. તેમાં વ્રત કરનારે પોતાનો ફોટો મધ્યમાં મુકયો. પૈસા ઠીક ખરચ્યા ને ઊજવ્યું. એટલે સજ્જન શ્રાવકે તેની પત્ની ગુણીયલને બતાવી કહ્યું "મથુરભાઈએ સારા પૈસા ખરચ્યા." ગુણીયલ બોલી " શું કમાવા નીકળ્યો ને શું કમાયો " ? જે આત્માના કલ્યાણ માટે વ્રત કરે તેને સ્વપ્ને પણ ફોટો મુકી પોતાની જાતની જનતાને જાહેરાત કરવા ઈચ્છા થાય ? ને તેવી ઇચ્છાવાળો માનનો ભુખ્યો આત્મા શું રળે ? સજ્જને કહ્યું-ગમે તેમ પણ જેટલા પૈસા ઘરમાંથી બહાર કાઢ્યા તેટલી તો લક્ષ્મીની માયા ઓછી કરીને ? ગુણીયલ-ક્રોધ, માન, માયા ને લોભ એ નંબર વાર એક પછી એક ચઢીયાતા શેતાનો છે. તેમાંથી મથુરભાઈએ ત્રીજો (માયા) શેતાનને છોડી, તેનાથી ભુંડો બીજો ( માન ) શેતાન તેને સંઘર્યો. હલકી જે પથારી હતી તે બદલીને નબળી પથારીમાં પડયા. રાગ વધ્યો કે ઘટયો ? આ તો રાગ ને માન બંને વધ્યાં. સજ્જન કહે: પ્રીયે ! તારૂં કહેવું તદ્દન સત્ય છે. જ્યાં સુધી આ શેતાનોને ધર્મ કરતાં, જો સંગમાં રાખ્યાને રાગ ના તુટયો તો ધર્મના નામે જીવો નફા કરતાં ખોટ વધારે મેળવી જાય છે. ભલે દુનીયા તેને ધર્મ કહી ધર્મીષ્ઠ કહે, પણ મહાવીર પ્રભુનાં દફતરમાં તેનું નામ ચડતું નથી. ૫૦૦ સુધી આયંબીલ કરવાં એ ઘણું જ શ્રેષ્ઠ છે. પણ જો જીભડી ભુંડી-( કલોરો ફોમ જેવી )ના થઈ રસને સ્વાદ તુટયા કે મોળા ના પડ્યા તો તે આયંબીલ કર્યાનું તત્વ શું પામ્યો ? પહેલી દુષ્ટ સંજ્ઞા શાસ્ત્રોએ આહાર કહી છે ને આવા આયંબીલ કરતાં તે સંજ્ઞા ના ટળી-મંદ ના પડીને પછી ઘરના આહારના, હોટેલ કે લોજ અને ખુમચાના સ્વાદો ઊભા રહ્યા ને અભક્ષ્યના ઘુરયા તો તેથી શું ? સમજ વગરનું બાળક દુધને બદલે છાશને પકડે તેવી દશા છે. બા વાવીને દાણા ઘાસના મળે ને ફક્ત ફુશકા જેવું કદાચ હાથમાં આવે એવી આ હું તો રમતો જ સમજું છું અને આ રમતોને જ હરેક પલ પોષણ આપ્યાં જ કરે છે માટે જ આવું સુંદર જૈન શાસન ઊંચુ આવતું જ નથી-જ્યારે વ્રત આદી તો પુષ્કળ જ્યાં ત્યાં થયાં જ કરે છે.

પોપટ પાંજરામાં રામ રામ બોલે ને નીચે જ રામની મુર્તી હોય તો તેના ઉપર પેશાબ કરે ખરો કે નહી ? કારણ સમજ ને જ્ઞાન નથી-રામ રામ સંખ્યાબંધ બોલનાર-જપનાર, પછી રામ-રામનું મરા-મરા-મરા લવતો થઈ જાય છે. કારણ ઉપયોગ ને જ્ઞાનશુન્ય છે. ઉપયોગ એજ પ્રથમ ધર્મ છે. ઉપયોગ એ ધર્મ, ક્રીયા એ કર્મ, ને પરિણામે બંધ.

આ ગુણીયલે એક રાત્રીએ સુંદર સરોવર જોયું ને તેમાં ખીલેલાં કમળ પ્રભુને-ચઢાવતાં સ્વપ્નમાં પોતાને જોઇ, આનંદપ્રમોદથી રોમાંચિત થતાં, તેણે પતિને આ સ્વપ્નનો પ્રભાવ પુછયો. તે બોલ્યો- હે પ્રીયે ! મહાગુણી ને જીનેશ્વરનો ભકત પુત્ર તને થશે. ઊત્તમ સ્વપ્ન આવતાં પ્રભુ સ્મરણમાં બાકીની રાત્રી ગાળવી જોઇએ એ પ્રમાણે તેણે જીવ ધ્યાનમાં રાત્રી પુરી કરી. તે દિવસથી સજ્જનની કમાણી વધતી ચાલી. ઘણા વખતના ઘોર અંધારને ચીરી નાંખી, પ્રભાતમાં સુર્યનાં કીરણો નવજીવન આપે છે તેવો અનેરો આનંદ તેને લાગ્યો. એક વખત જરૂર પડતાં તેણે ઘરની જમીન ખોતરતાં કે ખોદતાં, તેમાં સુવર્ણ ભરેલું પાત્ર જોયું. આનંદ થયો. દરીદ્રતા જીવ લઇને નાઠી. ઘર સુંદર બનાવ્યું. ગુણીયલની સેવામાં દાસીઓ રાખી. સીમંત મહોત્સવમાં દાન દીધાં, ને પોતાના પતિને તેમાં જરાએ

સંકોચ ન રાખવા સુચન કરતાં કહ્યું :-

લાખો હણી લુટો કરી,
ને દાન થોડું શું કર્યું ?
એથી થયો 'દાની' અને,
તેને અમે માનવ કહ્યો.
ત્યાં કંઠમાં માળા, અને
તિલક લલાટે શોભતું.
ને શોધતો સૌંદર્યને,
તેને અમે "જૈની" કહ્યો !
સ્વમાની છું હું, ક્યાંય
ન નમું, કોથી ના ડરૂં-
માનવતાનું મંદિર મળે તો,
જીવન મુજ ચરણે ધરૂં
છે વાધ વિજેતા એજ સાચો,
કે જેણે સદા-
સહુ જનોને જીતવા,
પ્રેમ શસ્ત્ર ધારણ કર્યું !

આવા જૈન આપણે બનવું જોઇએ નહી. જે વાસનાઓ ઉપર જય મેળવે એ જૈન, આપણે એવા જૈન બનવું. પ્રભુએ આપ્યું તે પ્રભુના જ આદેશ માફક ખરચો. કારણ પ્રભુ મહાવીરે તો કહેલું છે કે ; " હું પુજન કરતા કરતાં, મારા આદેશનું જે પહેલું પાલન કરશે તે વહેલો તરશે." વળી ગુણીયલે કહ્યું કે :- પ્રભુએ ચાર વસ્તુને દુર્લભ કહી છે તેમાં મનુષ્ય દેહ દુર્લભ નથી કહ્યો, કસાઇ ને પારધી પણ માનવો છે. પણ પ્રથમ મનુષ્યપણું-માણુસત્તમ-અર્થાત માનવતા એ દુર્લભ કહી છે. તેને આપણે સુલભ કરવી.

શુભ મુહુર્તે તેણે તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બધી સંપત્તિ વીપુલતાએ વધતી ચાલી. પુત્રને ગર્ભમાં આવતાં લક્ષ્મીપુંજ મળ્યો ને મળતો ગયો તેથી પુત્રનુ નામ **લક્ષ્મીપુંજ** પાડયું. કાંતીમાન પુત્ર માતપિતાને ઉપરાંત સર્વજનોને પ્રીય થઇ પડયો. કુટુંબમાં એક જ પુણ્યશાળી હોય તો આખા કુટુંબનો જય થાય છે. વયમાં આવતાં તેનું શ્રીમંતની કન્યાઓ સાથે લગ્ન થયું. તે સુંદર મહેલમાં રહેતાં, સુર્ય-ચંદ્રના સ્વરુપને પણ જાણતો ન હોય તેમ સુખ ભોગવતો હતો.

એક દિવસ પોતાની સ્ત્રીના અંકમાં સુતેલો, જ્યારે ચંદ્રે તેની રૂપેરી ચાદર વિશ્વ ઉપર બીછાવેલી ત્યાં નિંદ્રાવશ થતાં તેને વીચાર આવ્યો કે આ સુખો મને વગર મહેનતે શાથી પ્રાપ્ત થયાં ? અને જાગ્યો તો એક દીવ્ય પુરૂષ આમળ આવી અંજલી જોડી કહેવા લાગ્યો :- હે ! ગુણીયલના ગુણીયલ પુત્ર ! ધન્ય છે તારી જનેતાને ! સાંભળ તારા પ્રશ્નનો ઉત્તર. મણીપુર નામે મોટું નગર છે ત્યાં પુણ્યસાર નામે સાર્થવાહ હતો. ત્યાં એક જ્ઞાની મુની પધાર્યા ને તેમના મુખથી સાંભળ્યું કે અસ્તેય એટલે ચોરીનો ત્યાગ કરવો. ચોરી અનેક પ્રકારની છે. તેના દોષ-પાપ માનવને ઘણો જ રંજાડે છે વીગેરે સાંભળતાં તે પુણ્યસારે અસ્તેય વ્રતની પ્રતિજ્ઞા લીધી, ત્યાર પછી પરદેશ વેપાર ખેલવા નીકળ્યો. આવા પુત્રો બાપની વાસી મીલકત પર તાના કરતા નથી. પણ પુરૂષાર્થ ફોરવે છે જતાં માર્ગમાં એક મણીમાલા પડેલી જોઇ. પણ તેણે પોતાના વ્રતના ભંગના ડરથી તેના તરફથી નજર ઉઠાવી લીધી. તે વીચારમાં તેનો સથવારો આગળ નીકળી જવાથી ખેદ કરતાં તેણે અશ્વને મારી મુકયો. તેવામાં અશ્વની ખરીઓથી ઠોકરાયેલો એક ટેકરો ખસી જતાં, મોટો સુવર્ણ કળશ ભરેલો જોયો. પણ વ્રતના ભંગના ડરથી, સાર્થના ભેગા થવા આગળ વધ્યો. તાપ-દોડ ને ભુખથી તેનો અશ્વ મરણ પામ્યો. તેથી તેને બહુ જ આઘાત લાગ્યો. અહા ! બહુ ચાલવાથી અશ્વ મરણ પામ્યો. જો કોઇ તેને જીવાડે તો મારૂં બધુ ધન આપી દઊં-એવી પ્રતિજ્ઞા બોલતો ચાલવા માંડયું. તરસ્યો થયો હતો ત્યાં એક પાણીથી ભરેલી વૃક્ષ નીચે બતક દીઠી-જોતાં એ બતક કોની છે ? એમ પોકાર કર્યો- જવાબમાં એક પોપટ કહે-મારા સ્વામી ઔષધની શોધમાં ગયા છે. તેમની છે. તું તેમાંથી પાણી પી લે ! હું કહુંશ નહી, વૃક્ષ ઉપર પોપટને કહે "હે શુક ! તૃષા મારા

પ્રાણ જાસે છે. પણ અદત્ત, આપ્યા વગરનું હું પીનાર નથી. શુક રૂપ બદલી, કોઇ પુરૂષ હાજર થયો. ને કહે હું વિદ્યાધર છું. પેલા જ્ઞાની મુની જે મારા તાત થાય છે તેમને વંદન કરવા હું ગયો હતો. અસંખ્ય ધન છતાં, પર દ્રવ્ય હરણમાં સુખ માનનાર તને તેમણે અસ્તેય વ્રતનું વર્ણન સંભળાવ્યું ને મને તે વ્રત નિયમ આપ્યાં. તે વખતે હું હાસ્ય મહાત વીચારમાં પડયો કે ધનના લોભી આ સાર્થવાહો દુર દેશમાં જાય છે ત્યાં નજરે જોતાં, પર દ્રવ્યને શું હરણ નહી કરતા હોય ? માટે તમારા સાર્થની પરીક્ષા કરવા હું પ્રેરાયો. આ બધા પ્રસંગ મેં જ ઊભા કર્યા છે હે નર રત્ન ! મોટા પ્રાણ રક્ષક રૂપ કાર્યમાં, તું આવી વસ્તુના લોભથી પણ પરાભવ ના પામ્યો. અડગ રહ્યો એમ કહી સર્વ ધન ભંડાર તેને અશ્વ સાથે આપ્યો. ને બધાંની ભેગો કરી દીધો. પુણ્યસારે પુછ્યું-આ ધન કેવું છે ? વિદ્યાધર કહે-એમાં કંઇક મારૂં છે ને કંઇક લોકોનું હરણ કરેલું છે. હે મહાનુભાવ ! પિતાનો બોધ છતાં મેં ચોરી ના મુકી. પણ આજ તારૂં વ્રત જોતાં, હું બરોબર તેનું પાલન કરીશ. એ રીતે તું મારો ગુરૂ થવાથી, આ ધન તને અર્પણ કરૂં છું. પુણ્યસાર કહે ; જેનું જે હોય તેને તે આપી દો. પછી વિદ્યાધરે કહ્યું-પણ મારું તો ગ્રહણ કરો. ત્યારે જવાબ દીધો કે મેં પ્રતિજ્ઞા કરી છે કે આ અશ્વ જીવાડે તેને બધું આપીશ. માટે હે વિદ્યાધર ! મારૂં ધન પણ તમે ગ્રહણ કરો. અહીંઆં આ ગુંચવાડો, માનવ સત્વથી ઊભો થયો !

વીદ્યાધર કહે ! હે પુણ્યસાર આ તો બધું મારી માયા હતી અને તારી કસોટી હતી. એટલે તેમાં મારી માયાથી કરેલું હોવાથી, મારાથી કાંઇ લેવાય નહીં. તે તો અર્પણ થયેલું પાછું ના લેવાય ! પુણ્યસાર-તમે મારૂં ધન લેતા નથી ને હું તમારૂં ધન લેતો નથી તો આ ધનનો સ્વામી કોણ થશે ? આ પ્રશ્નનો ઉકેલ એ આવ્યો કે લક્ષ્મી ધર્મથી મળે છે ને ધર્મને વરે છે માટે ધર્મ માર્ગે અને વાપરવાં. ને તે મુજબ વપરાઈ.

હવે હે પુણ્યસાર ! ધર્મ આરાધવાથી તે ભવ સમાપ્ત કરી, હે લક્ષ્મીપુંજ ! તારા પુણ્યના પુંજથી આજે તું ખરેખરો લક્ષ્મીપુંજ જન્મ્યો છું. હું પણ તારી સાથેના પુણ્યથી દેવલોક પામ્યો છું. એ ખરેખર તારો મારી ઉપર ઉપકાર છે એ કેમ વીસરૂં !!!

**પિબંતિ નદ્યઃ સ્વયમેવ નામ્ભીઃ,**
**સ્વયં ના ખાદન્તિ ફલાની વૃક્ષાઃ**
**ધરાધરો વર્ષતિ નાત્મહેતવે,**
**પરોપકારાય સતાં વિભૂતયઃ**

અર્થ – નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે પોતાનાં ફળ ખાતાં નથી. વરસાદ પોતે, પોતાના માટે વરસતો નથી. આથી જણાય છે કે સજ્જન પુરૂષની વિભૂતિ-સંપત્તિ, પરોપકાર માટે જ હોય છે.

**આરોગ્ય ભાગ્યાભ્યુદય પ્રભુત્વમ્**
**સત્ત્વં શરીરે ચ જને મહત્ત્વમ્,**
**તત્ત્વં ચ ચિત્તે સદને ચ સંપત્**
**સંપદ્યતે પુણ્યવશેન પુંસામ્.**

પુણ્યથી પુરૂષને આરોગ્ય, ભાગ્યોદય, મોટાઇ, શરીરબળ, પ્રતિષ્ઠા, તત્ત્વબોધ ને સંપત્તિ પ્રાપ્ત થાય છે. માટે તારો ધર્મ મને પ્રેરે છે ને તારા પુણ્ય પ્રભાવથી પ્રેરાયેલ, ધર્મ કાળથી હું તને સમયે સમય ને ઊચીત સામગ્રી સત્વર રજુ કરૂં છું. આ દેવ વચન સાંભળતાં, વિચારના ઘેનમાં પડી ગયેલ લક્ષ્મીપુંજે પૂર્વભવને જોયો. તેનું સ્મરણ થતાં, ધર્મનું રૂડી રીતે આરાધન કરવા લાગ્યો. પરીણામે તે ધર્મને નીતીનું પાલન કરતો કરતો દેવલોક પામી, મુક્તિ વરશે એવું પુણ્ય ઉપાર્જન કરે છે.

સબબ-વ્રતની પાછળ નીતી જો સુધરે નહી, નીતિ જો ના હોય તો વ્રત ફળીનું જ કરમાઇ જાય છે. માટે પુ. ઉદયરત્ન મહારાજે કહેલું છે કે વ્રત પચ્ચખાણ કરતાં પહેલાં શીલ નીતિ Character નો પહેલો ખપ કરજો રે, નહીં તો પામશો

કુશકારે રૂઢીઓ મારી પાટીયાની સફાઈ પ્રથમ કર્યા વગર, તેને ઓપ લાગતો નથી. માટે પહેલાં જ અંતર–શુધ્ધિ એ આવશ્યક ચીજ છે. ને તે ભારો-ભાર ઘણે અંશે ભુલાતી જાય છે, એવું દેખાય છે. એક વખત હું વયોવૃધ્ધ પૂ. આચાર્ય મહારાજ પાસે બેઠો હતો તેમની પાસે એક શ્રાવીકા આવી ને કહે કે આજે મારે એકાસણું છે ને ભાણાનો પાટલો ખસી ગયો, તેનું મને આલોયણ–પ્રાયશ્ચિત આપો. બીજી શ્રાવીકા આવી કહે–આજે મારે ઉપવાસ છે છતાં નહાતાં કાચો પાણીનો કોગળો થઇ ગયો માટે પ્રાયશ્ચીત–દંડ આપો. તે પ્રમાણે બંનેને યોગ્ય દંડ આપ્યો. મેં આચાર્ય દેવને પુછ્યું કે આપનો દીક્ષા પર્યાય લગભગ ૪૦ ઉપર વર્ષનો હશે. આજે પુરૂષો તો આવો દંડ લેવા આવતા જ નથી. પણ શ્રાવીકામાં કેટલેક અંશે આ રૂઢી નભે છે. પછી મેં પુછ્યું કે આપના આટલા વર્ષના દિક્ષા સમયમાં કોઇ બાઇ એમ પ્રાયશ્ચીત લેવા આવી કે આજે મારે વ્રત હતું ને હું મારી જેઠાણી-દેરાણી, ભાભી– નણંદ, સાસુ કે મા તથા જેઠ–સસરા–ધણી કે પાડોશણ સાથે લડી માટે મને આલોયણ આપો ! આચાર્ય દેવ હસ્યા ને કહે કે આ તો એક રૂઢી ચાલી રહી છે. પછી મારે કહેવું પડયું કે લાકડાંના પાટીયાં ખસી જાય એ તો સ્થુલ વસ્તુ છે. છતાં તેવા પાટીયાની આલોયણ લેવાય છે. પણ આ હૈયાનાં પાટીઆં ખસી જાય તેની આલોયણ (જે ઉત્તમ છે) લેવાતી નથી–કવિ લખે છેઃ–

**“પસ્તાવો એ અમૃત ઝરણુ સ્વર્ગથી ઉતર્યુ છે પાપી તેમાં ડુબકી મારી ભાગ્યશાળી બને છે”**

કેટલીક વખત, ધર્મને ઓળખ્યા કે સમજ્યા વગર કરતાં, લાકડાં બળી જાય તો રાખોડી રહે એટલું પણ તેવા રૂઢી ધર્મમાં કદાચ રહેતું નહી હોય. જેટલું ધર્મના નામે આદરવામાં આવે તેમાંથી થોડું પણ જો આત્માને સ્પર્શે નહી તો “ડાકોરમાં ગયા પણ રણછોડજી ના જોયા” જેવું બને છે. કમઠ તપ કરતો, લાકડાં બાળતો પણ તેમાં નાગ નાગણી બળી રહેલાં છે તેની જયણા ના કરી. પરિણામે તેના તપનું ફળ તેને કેવું મળતે ? ક્રોધ તો સામેલ હતો.

વીરની વાણી, વચન તથા આદેશ, પહેલાં વાણા તાણાની માફક સમાજમાં વણાઈ જવાં જોઇએ વર્તનમાં મુકતાં ભલે વિલંબ થાય, પણ સમજેલો ગમે તે કાળે વર્તનમાં જરૂર મુકશે. બાકી ગાડામાં શું ભાર ને શું માલ છે ? અથવા તો મોટી પત્થરની શીલાજ છે એ જાણ્યા વગર જે ગાડું હાંકયા કે ખેંચ્યા કરે છે તે તો માનવ થઈ, બળદ કીયા કરતાં પણ વધુ પશુ સમાન થઇ, કંઇ પામી કે કમાઇ શકતો નથી. ઘંટી ફેરવીએ અંદર દાણા નાંખીએ પણ જો આટો ના નીકળે તો આપણી મહેનત, દાણા ને ટાઇમ વૃથા જાય ને ઉપરથી દુનીયા બેવકુફ કહે. દીન પર દીન યુગ નબળો આવતો જાય છે. વીલાસનું પોષણ માનવનું પતન કરી રહેલ છે. માટે દંભ, અહમ્ ને મમતા વગરનો સાફ નગદ ધર્મ નહિ કરીએ તો લાકડાં પણ આ દેહને બાળવા મળશે કે નહી તેની આ સળગતા યુગમાં ખાત્રી નથી, શમશાનમાં પણ છેલ્લી પથારીનું રીઝર્વેશન થઇ શકે તેમ નથી. ધર્મ જ, નીતીયુકત હોય તે જ વારણ કરશે એ અટલ સુત્ર વિસરશો નહી. જો તમોને પેલું હેયું હોય તો દરરોજ હૈયાને પીગળાવે એવા આઘાતો–પ્રસંગો, લુંટ–ખુન, અક-સ્માત ને આપઘાત કેટલા જુઓ છો ? આ કેવળ ધર્મ કે પુન્ય હીની જ ખામી છે ને એને તમે જો પુણ્ય ખામી માનતા હો તો ધર્મને પુન્યાઇને સંઘરો ને તેવાં જીવન જીવો ! !! જીંદગાનીનો સાર શો તે નીરંતર શોધતા રહો !

★

# ફડફડાટ (સત્ય ઘટના)

લેખક : એન. બી, શાહ હારિજ

મારી નિદ્રાનો અચાનક ભંગ કરતો ફડફડાટ મારા કર્ણપટમાં અથડાતાં, હું જાગી ગયો. પથારીમાં એકદમ સફાળો ઉઠીને જોઉં તો સામેની બારીના ગવાક્ષમાં દરરોજ બેસતા કબુતરના યુગલમાંથી એક કબુતર ને બિલાડીએ ઝડપેલું. અને તેથી તેની પકડમાંથી મુક્ત થવા માટે પાંખોનો ફડફડાટ કરી રહેલું હતું. કેટલું કરૂણ દ્રશ્ય!

આ કરૂણ દ્રશ્ય જોઈને મારૂં હૃદય ગુંજી ઉઠયું. કબુતર ને, બચાવી લેવા માટે, એકજ ઉપાય હતો' મારા અવાજથી બિલાડી ગભરાય, અને કદાચ કબુતરને તેના મુખમાંથી પડતું મુકીને ભાગે.

પરંતુ અવાજ થતાંની સાથેજ બિલાડીએ ત્યાંથી છલંગ મારી અને કબુતરને લઈને બીજા છાપરા ઉપર ચાલી ગઈ-ગઈ-ગઈ ગઈ એમ બોલતાં બોલતાંતો તે ઘડીકમાં અદ્રશ્ય બની ગઈ અને એ બિચારા કબુતરનો કરૂણ અંજામ આવી ગયો.

ઉપરની ઘટના જે રાત્રીએ બની ગએલી તે રાત્રી હજુ પણ વિસ્મૃત, થતી નથી. તે રાત્રીએ પછી તો કેટલોક ટાઇમ નિદ્રાપણ વેરણ બની ગએલી, અને અનેક વિચારોનાં મોજાં મારા મસ્તકમાં ઘુમવા લાગ્યાં તે માંહેના થોડાક ઉપયોગી વિચારોને અહિં જેમ તેમ આકાર આપવા પ્રયત્નશીલ બન્યો છું.

આજનું માનવજીવન મોટા ભાગનું ફડફડાટ ભરેલુંજ છે ને? ક્યાં છે? આજે શાંતિ પૂર્વક જીવન જીવી શકાય એવી જીવનની કાર્ય વાહી? ક્યાં છે આજે સમાધિમરણ પ્રાપ્ત થાય એવી નિત્યની કાર્ય વાહી? આજે તો દુનિયાનો મોટોભાગ જડવાદી માનસ ધરાવતો બની ગયો છે. ધર્મને તો ઢંબગ માનતો થઈગયોછે. ધાર્મિક મિલ્કતો ઉપર તરાપ મારનારા કાયદાઓ લાગુ કરનાર શાશક વર્ગ સત્તાના ઘેનમાં રાષ્ટ્રધર્મ પણ ભૂલી ગયો છે. જ્યાં જુઓ ત્યાં આજેતો ફડફડાટ શિવાય

શું જોવા મળે છે! એ કહેશો ખરા! આજે વ્હેપારી વર્ગ જે મળ્યું છે, તેમાં સંતોષ નહિ માનતાં, વધુ એકઠું કરવાની લાલસામાં નીતિ અને શાંતિ પૂર્વકનો વહેવાર છોડીને સટ્ટાબઝારમાં, ઘૂમતો થઇ ગએલો પૈસા કમાવાની ધૂનમાં આંધળી દોટ મૂકી રહ્યો છે. એના જીવનમાં 'ફડફડાટ' શિવાય શું જોવા મળે છે?

વકીલો, બેરીસ્ટરો, ડોક્ટરો, સમાજનેતાઓ, અને જેઓ આજની પ્રજાના ઘડવૈયા કહેવાય છે તે શિક્ષકો અને એવા બીજાઓનાં જીવન તપાસીશું તો પણ બધે "ફડફડાટ"નાંજ દર્શન થશે.

આ બધાય માનવીઓનાં જીવન આજે મોટે ભાગે સ્વાર્થથી ભરેલાં, અસંતોષી, અને ધર્મથી વિમુખ શાથી બની ગયાં છે? મને તો ફક્ત એકજ કારણ લાગે છે. અને તે વધુ અને વધુ પૈસો ભેગો કરવાની સહુને લાગેલી ઘેલછા—આવી ઘેલછા શું ખતરનાક નથી? એનો અંજામ પણ ખતરનાક આવવાનો છે. એનું એ દયા પાત્ર માનવીઓને ક્યાં ખબર છે?

જીવનમાં ધર્મ આરાધવાની એને જરાય ફુરસદ નથી, અને કુટુંબ કબીલા, અને પુત્ર પરિવારની સેવા માટે (વેઠ માટે) અને કલાકોના કલાકો કાઢવાના મળે છે. જ્યારે ધર્મની શાધના માટે, (ફક્ત પ્રભુની પૂજા માટે) પાંચ દસ મિનીટનો ટાઇમ એને કાઢવાનું કહીશું તો કહેશે "નોટાઇમ" આતો ફક્ત પૂજાનો દાખલો મૂકયો છે. પરંતુ એવા બીજી દરેક ધાર્મિક ક્રિયાઓ માટે સમજી લેવાનું છે.

આવા દયાપાત્ર માનવીઓના જીવનનો ફડફડાટનો પણ કરૂણ અંજામ પેલા કબુતરની જેમ એકદિવસ નિશ્ચિત છેજ. છતાં આ બાબતનું ભાન કોણ કરાવે? "શિવમસ્તુ સર્વજગત."

સહુ જીવો સન્માર્ગે વળો અને મળેલા મહામૂલા માનવ જીવનને દયા—પરોપકાર—ધર્મ—સમાજ અને ગરીબોની સેવા વિ. સુકૃત્યોથી સફળ બનાવો એજ એક શુભાભિલાષા—

## ઝઘડો અને ન્યાય

લે. યશવંત શાહ

એક ગામમાં એક ખેડૂત હતો. તેને બે દીકરા હતા. ઘરમાં જરા પણ કંકાસ ન હતો. સ્નેહ અને શાંતિનું જ વાતાવરણ જોવા મળતું. ખેડૂત કુટુંબ ખૂબજ આનંદમાં દિવસો વિતાવે છે. પણ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, એમ સુખ દુઃખનું ચક્ર ચાલ્યા કરે છે તેમ આ ખેડૂત અચાનક પથારીવશ થઈ ગયો. અને એક-બે દિવસની માંદગી ભોગવી આ દુનિયામાંથી રજા લઈને ચાલી નીકળ્યો.

બે ભાઈઓ સમય ખૂબ જ આનંદમાં અને સ્નેહ સંપથી વિતાવે છે. પણ સ્નેહ સંપ હંમેશાં બીજા માણસોને આંખમાં કણાની માફક ખૂંચે છે. એ ન્યાયે બે ભાઈઓની વચ્ચે ઝઘડાનું વાતાવરણ ઊભું કરવા માંડ્યું.

બે ભાઈઓનો ઝઘડો ઉગ્રસ્વરૂપે પ્રસરવા માંડ્યો અને કોરટ સુધી લડવાની વાત પહોંચી.

જગતમાં બધાં જ માણસો સારા કે બધા જ ખરાબ નથી હોતા. કોઈ એક સારા માણસે ગામમાં એક ભક્ત રહેતો હતો તેની સલાહ લેવાનું કહ્યું.

ભાઈઓ એ ભક્તની પાસે આવી પહોંચે છે અને હકીકત કહી સંભળાવે છે.

ભક્ત કહે છે કે તમે નકામા લડો છો. સ્નેહ સંપથી તમારી ખેતી સારી થશે. અને તમારું ગુજરાન સારી રીતે ચલાવી શકશો. જો છૂટા પડશો તો કામમાં તમે બેમાંથી એકે પહોંચી નહી શકો.

પણ ભાઈઓએ તો એજ કહ્યું કે અમારે તો ભાગજ પાડવા છે.

ભક્ત કહે છે કે તમારે ભાગ જ પાડવા હોય તો સરળ અને શ્રેષ્ઠ રસ્તો બતાવું કે જેમાં કોઈને અન્યાય ન થાય.

"બેમાંથી એક જણ જમીનના ભાગ પાડો અને બે ભાગમાંથી એક ભાગની પસંદગીનો પહેલો હક્ક બીજો લે".

આનું જ નામ તે શ્રેષ્ઠ ન્યાય. આવી સલાહ અને આવો સારો રસ્તો દેખાડનાર જગતમાં ઘણા જ થોડા હોય છે.

## દોરડાં છોડયાં !

"નિર્મળ"

મથુરાના ચોબાઓ દારૂ પીને મસ્ત બન્યા. મસ્તીમાં ને મસ્તીમાં મથુરાથી વહાણમાં બેસી ગોકુળ જવા તૈયાર થયા. વહાણ હંકારવા લાગ્યા હલેસાં જોર-શોરથી મારવા લાગ્યા. પરંતુ દારૂના નશામાં ચકચૂર તેઓ તો એમ જ સમજે છે કે વહાણને આપણે બધા જોર-શોરથી હલેસાં મારીએ છીએ એટલે હમણાં ગોકુળ પહોંચી જઈશું–

વહાણનાં દોરડાં પણ ઢીલાં એટલે વહાણ હલેસાં મારતાં આમથી તેમ હાલ્યા કરે છે આગળ જાય છે ને પાછળ આવે છે જેથી એમની વહાણ ચલાવવાની માન્યતા દૃઢ થાય છે. પણ વહાણ તો ત્યાંને ત્યાંજ ફરે છે. લંગર ઉઠાવેલાં જ નહિ.

આમ વહાણને હલેસાં મારતાં જ્યારે થાકી ગયા અને નિશો ઉતરી ગયો ત્યારે હલેસાં મારવાં છોડી દઈ કિનારે ઊભેલા લોકોને પૂછે છે કે–

આ કયો ઘાટ છે ! લોકો કહે છે કે–આ ઘાટ મથુરાનો છે.

જે લોકો ક્રિયારૂપ હલેસાં ઘણાંય મારે પણ જો ક્રોધ માન માયા લોભરૂપ લંગર ઉઠાવે નહીં–દોરડાં છોડે નહીં તેમની આ જીવનનાવ ક્યાંથી સિદ્ધગતિરૂપ કિનારે પહોંચે ?

માટે કિનારે પહોંચવું જ હોય તો દોરડાં પહેલાં છોડો પછી જેટલો પરિશ્રમ કરવામાં આવશે તે બધો સામે પાર પહોંચાડવામાં ઉપયોગી થશે.

# વિજ્ઞાન સર્જનાત્મક કે વિનાશાત્મક

લેખક : રજનીકાન્ત ગીરધરલાલ શાહ

**અજ્ઞાનરૂપી** અંધકારના ઓળાઓમાં પુરાતન યુગનો માનવી સમુદ્રના ઓગાળમાં જેમ ભરતી પછી ઓટ અને ઓટ પછી ભરતી આવે છે તેમ આ ઉભતા માનવે અનેક દિશામાં પ્રગતિ સાધી પોતાની અજ્ઞાનતાનો અંત આણ્યો. અને વિજ્ઞાનની શોધથી માનવીની પ્રગતિની શોધ થઇ અને માનવીની પ્રગતિની ભરતી થઇ. અંતે માનવી પ્રગતિશીલ બન્યો. જેમ અંધકારને પ્રકાશિત કરવા દિપકની જ જરૂર હોય છે તેમ આ અંધકારના ઓળાની સામે યુદ્ધ ખેલવા વિજ્ઞાનરૂપી કિરણો પડે છે. જાણે બે યોધ્ધાઓ મહા વિશ્વ યુદ્ધ ખેલતાં ન હોય ! પણ ખરેખર ! વિજ્ઞાનરૂપી પ્રકાશનો જ વિજય થાય છે. પોતે (માનવી) અભિમાની બને છે. અને પ્રયોગોની વિશિષ્ટતા શરૂ થવા લાગી.

પ્રથમ તો માનવી વૃક્ષનાં પાનનો આહાર કરી જીવન ગુજારી રહ્યો હતો. ભૂમિપર નિંદ્રાધિન થઇ જાણતો હતો. જાણે જંગલી પશુની જ અવસ્થામાં પોતાના જીવનની નૈયા ચલાવી રહ્યો હતો. પણ કહેવત છે કે– "કીડીને કણ અને હાથીને મણ મળી જ રહે છે." તેમ કુદરતે દયા લાવી માનવીનો પેટ ગુજારો કરવા અગ્નિની ઉત્પત્તિ કરી પ્રથમ દેવ માની પૂજતો માનવી તેમાં અનાજ પકાવી ખાતાં શીખ્યો. ઝાડની છાલનાં અલંકાર બનાવી પહેરતાં શીખ્યો અને જમાનો પલટાતો ગયો. માનવી પ્રગતિશીલ બન્યો. આગળ વધી ઝુંપડા બાંધી રહેતા શીખેલો માનવી મહેલની મહેલાતો બાંધી અજાયબીની દુનિયામાં વિચરતા શીખ્યો, અને પછી તો વિજ્ઞાનનો ઉદય થતો ગયો જેમ ચંદ્ર પોતાની લાડિલી શુક્રતારિકાને રમાડતો આવે છે તેમ વિજ્ઞાન પોતાની શોધરૂપી તારિકાને રમાડી આગળ આવ્યો આજે તો આગળ વધીને ઘણી શોધ થઇ ગઇ અને અશક્ય શક્ય બનવા લાગ્યું.

વિજળીની શોધ તો જાણે જુની જ થઇ ગઇ છે. આ વિદ્યુતનો પ્રવાહ નદીના પ્રવાહની માફક આગળ જઇ રહ્યો છે. પણ ક્યા વખતે તે પ્રવાહનો અંત આવશે તેની કોઇને ખબર નથી. આગળ વધીને વરાળ યંત્રો થયાં, પાણીના બંધો, અને ક્ષણભરમાં તો તાર, ટેલીગ્રાફ અને રેડીયો પણ આવી પહોંચ્યા. દૂર દૂરનાં સમાચાર તો જાણે પડખાના ઓરડાનાં માફક સાંભળવા લાગ્યા. અરે! દિવસોની મુસાફરીનું અંતર ઘડીનું બનાવી હવાઈ જહાજો દ્વારા તત્ક્ષણે પહોંચાડી આપતાં થયાં. અજ્ઞાનની નિંદ્રામાં પોઢેલા માનવીને સંદેશો પહોંચાડી આપવા જ્ઞાનરૂપી ટેલીફોન થયો. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ વચ્ચેનું અંતર તેણે સાવ ટાળી નાંખ્યું. જે પુરાતન શસ્ત્રો હતાં તે અલોપ થયાં અને વિનાશાત્મક શસ્ત્રો સર્જાયાં માનવીને પોતાના જેની કલ્પના પણ ન હતી તે આજે સર્જન કરી બેઠો છે. પોતાના જ્ઞાનનો ભાગ કરી માનવી અત્યંત શસ્ત્રીકરણની પ્રગતિની ટોચ પર ચડી બેઠો છે પણ ક્યારે તે ટોચ પરથી હડી પડશે તેનો સ્વપ્ને પણ ખ્યાલ નથી.

સૂર્ય અને ચંદ્ર જે માનવી તેને દેવ માની પૂજતા, તેનું તેને જ્ઞાન પણ નહતું. આજે માનવી તેનો ઉંડો અભ્યાસ કરી ત્યાં પહોંચવાની અભ્યર્થના સેવી રહ્યો છે. પશુ માફક બની ઉડવાનો પ્રયાસતો આજે સામાન્ય બન્યો છે. દુનિયાની સંસ્કૃતિ વધતી ગઈ. અને અંતમાં પ્રભુ પણ તેની સમીક્ષા કરી રહ્યા છે.

વિજ્ઞાન સર્જનાત્મક છે એટલું જ નહિ પણ વિનાશાત્મક પણ છે. માનવી જેટલો પ્રગતિશીલ બન્યો તેટલો જ આળસુ બનતો ગયો. નવા યંત્રો દ્વારા સ્વકૃત્યો ઉત્કૃષ્ટપણે પાર પાડવાની તમન્ના કરે છે. જ્યારે પુરાતન માનવી પોતાના દેહને વિકસાવી કાર્ય કરી જાણતો. આગળ વધતાં વૈજ્ઞાનિક જીવનમાં જેટલું જ્ઞાન ભરેલું છે તેટલું જ અજ્ઞાન ભમે છે. દિપકમાં વાટ જલતી હોય પણ તેનો પ્રકાશ અંધકારમાં જ ઉપયોગી નિવડે છે તેમ વિજ્ઞાનરૂપી દિપકમાં પ્રગતિરૂપી જ્ઞાન વાટ છે. પણ વિનાશાત્મક રૂપમાં હોવાથી જ્યોતિનો પ્રકાશ ટકવાનો ? ખરેખર ! દુનિયાની રમ્ય સંસ્કૃતિનો તે ક્યારે વિનાશ કરી બેસશે ? તેનો કોઈને પણ ખ્યાલ નથી. માનવીનું જીવન વિલાસી બનતું ગયું માનવી બેફીકર, એદી, બનતો ગયો. પોતાના દેહને કષ્ટ આપ્યા વિના અસંખ્ય લક્ષ્મી હોમી પોતે સુખની શોધમાં ભમે છે. આ નવી સર્જક સૃષ્ટિએ માનવીને પોતાની જાતને છેતરાવે છે. સાધનો વધ્યા, પરિગ્રહો વધ્યા, સુખ અને સંપત્તિ વધી એક અણુબોમ પાછળ લાખો માણસોનાં જીવતદાન દેવાયા. અને તેનાથી અસંખ્ય સૃષ્ટિનો નાશ થવા લાગ્યો. માણસની શક્તિનો દૂર ઉપયોગ થતો જાય છે. જ્યાં ક્ષિણ થતી જતી બુદ્ધિથી, ક્ષિણ શક્તિથી દુનિયાની સૃષ્ટિ પણ કંપી ઉઠે છે. ત્યાં માનવીની તો ક્યાં વાત જ રહી ? વિજ્ઞાનનો વિકાસ દિનપ્રતિદિન વધતો જાય છે.

અંતમાં માનવીના એક હાથમાં અમૃત છે. જ્યારે બીજા હાથમાં ઝેર તોળાય રહ્યું છે. ધારે તો અમૃત પીને જીવન દિપક પ્રગટાવી શકે છે. નહિ તો ઝેર છે જ !


## નવાં બે પ્રકાશનો:—

**૧ સચિત્ર શ્રી શ્રીપાળ રાસ**—(૪૦ ફારમનો પૂજાઓ ઉજમણાંવિધિ વિ. થી ભરપૂર) ફૂલ કલૉથ બાઈન્ડીંગ આકર્ષક જેકેટ સાથે કિં. રૂ. ૭–૫૦.

**૨ ૨૧૭ ચિત્રોની પ્લેટોવાળો ચિત્રમય શ્રીપાળ રાસ**

પંચરંગી બ્લૉકના જેકેટ અને કલામય બોક્ષ સાથેના દળદાર ગ્રંથ કિં. રૂ. પચીશ

**પાંચથી વધુ નકલ મંગાવનારને કમિશન આપવામાં આવશે.**

વિશેષ માહિતી માટેપત્ર વ્યહારનું સરનામું:-**૧ પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી**
દાદાસાહેબ પોળ—**ખંભાત.**

**૨ શ્રી જશવંતલાલ ગિરધરલાલ**
૩૦૯/૪ દોશીવાડાની પોળ—**અમદાવાદ.**

**ઉપરોકત બંને સ્થળેથી—**

**શ્રી કલ્પસૂત્ર ખેમશાહી** કિં. રૂા. ૨૨, **શ્રી પૂજા સંગ્રહ** ૧૧ ભાગ રૂા. ૬–૫૦, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૧ લો** (અલભ્ય) રૂા. ૧૧, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૨ જો** રૂા. ૫, **અઢાર અભિષેકવિધિ** (અલભ્ય) ૦ ૮૭ તેમજ **૧૪ સુહાઓ** તથા **ચ્યવન જન્મ અંજન**ના આર્ટ કાર્ડ ઉપરના ફોટાઓ, **નંદ્યાવર્ત** કાપડપટ્ટ કાગળ ટ્ટ. **વીશ સ્થાનક** આર્ટપટ્ટ, કાગળપટ્ટ. **શાન્તિ સ્નાત્રાદિની વસ્તુઓની યાદી.** વિ. સાહિત્ય પ્રતિષ્ઠા આદિ વિધિઓમાં ઉપયોગી સાહિત્ય માટે ઉપરનું સરનામું અવશ્ય યાદ રાખો.

# શાસન સમાચાર

## મારુંગા-મુંબઇ

અધ્યાત્મ મગનમગ્ની કવિરત્ન આચાર્ય શ્રી બુદ્ધિસાગર સુરિશ્વર ભગવતના શિષ્ય શાંત મૂર્તી. આચાર્ય શ્રી કિર્તીસાગર સુરિજીના પ્રશિષ્ય પ્રખર વકતા વિદ્વદવર્ય ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજીના સાનિધ્યમા ઉજવાએલ શ્રી માટુંગા મુંબઇ મધ્યે શ્રી



પૂ. શાંતમૂર્તિ ઉપાધ્યાયશ્રી કૈલાસસાગરજી ગણીવર

વાસુપુજ્ય સ્વામીના દેરાસરે શ્રી મુનિસુવ્રત સ્વામીના શ્રી અંજન સલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રી ઘંટાકરણ મહાવીરની દેરીમાં શ્રી ઘંટાકરણ મહાવીરના પ્રતિષ્ઠા.

શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરના ઉપરના ગભારામાં પાંચ પ્રતિમાનો અંજનસલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ, બહુજ ધામધુમથી ઉજવાયો હતો.

કુંભસ્થાપના અસાડ વદ ૧૩ના રોજ અંજન સલાકા શ્રાવણ સુદ ૫ને પ્રતિષ્ઠા શ્રાવણ સુદ ૭ને શુક્રવારના રોજ સવારે ૯. ૧૯. ૫૧ સેકંડ પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રતાપ સુરિશ્વરજી, પૂજ્ય આચાર્ય વિજયધર્મ સુરિશ્વરજી, પૂજ્ય આચાર્ય શ્રી હેમસાગર સુરિશ્વરજી ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી, પંન્યાસ શ્રી સુબોધસાગરજી, પંન્યાસ શ્રી સુભદ્રસાગરજી, મુની શ્રી કલ્યાણસાગરજી વગેરે સાધુ મુનિવરોના હાજરીમાં સુંદર રીતે થઇ હતી.

ક્રિયા કરાવનાર સુશ્રાવક શ્રી બાબુભાઈ ઉત્તમચંદ આવેલા હતા. શ્રી ઘંટાકરણ મહાવીરની દેરી શ્રી માટુંગાના સંઘે કરાવેલ તેની મુર્તિની પ્રતિષ્ઠા શેઠ મણીલાલ નગીનદાસ ભાંખરીઆએ કરી હતી. દેરીનો ધ્વજાદંડ શેઠ ચીમનલાલ નગીનદાસ ભાંખરીઆએ ચડાવ્યો હતો તે બન્ને વખતે પુજ્ય પન્યાસ શ્રી સુબોધસાગરજીની હાજરી હતી.

ઉપરનાં ગભારામાં મુળનાયક શ્રી મુનીસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા શેઠ શ્રી રૂપરાજજી ભોલારામજી ભોલીઆએ કરાવી હતી. બાકીની ચાર પ્રતિમાઓ શ્રી આદિશ્વર ભગવાન, શ્રી મહાવીરસ્વામી પ્રભુ, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, પ્રતિમાઓ શ્રી વાડીલાલ ડોસાભાઇ શ્રી સુનીલાલ નારણદાસ વોરા, શ્રી ગીરધરલાલ ત્રીભોવનદાસ મહેતા તથા શ્રી પોપટલાલ નગીનદાસ ભાંખરીઆએ પોતે ભરાવેલ પ્રતીમાની પ્રતિષ્ઠા તેજ ટાઇમે પૂજ્ય આચાર્યો તથા ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજીના હાજરીમાં થઇ હતી. શ્રી વિનયચંદ હરખચંદ તરફથી શ્રાવણ સુદ ૭ના દિને અષ્ટોતરી શાંતિસ્નાત્ર મહાપૂજા ભણાવવામાં આવેલ હતુ.

ઉપરાંત પાંચ વરઘોડા ઘણી ધામધુમથી નીકળ્યા

હતી. દરરોજ પૂજાઓ તથા ભાવનામાં બહુજ સુંદર રાગરાગીણીથી ભણાવવામાં આવતી હતી. ભાવનામાં પણ પુષ્કળ માનવ સમુદાય હાજરી આપતો હતો.

અત્રે ચાતુર્માસમાં ઉપાધ્યાય શ્રીની સાથે પૂજ્ય જ્ઞાન સુંદરજીના શિષ્યરત્ન મુનીશ્રી દેવસુંદરજી મહારાજે માસ ખમણ કરેલ તે નીમીત્તે શ્રાવણ સુદ ૯ ના દિને મેસર્સ ભાબરીઆ બ્રધર્સ તરફથી પૂજ્ય આચાર્ય શ્રી બુધ્ધિસાગરજી કૃત શ્રી અષ્ટપ્રકારી પૂજા બપોરે ઉપાશ્રયમાં સુંદર રીતે ભણાવી હતી.

આ પ્રતિષ્ઠાની ઊપજ રૂપીઆ એક લાખ કરતાં વધુ થઇ હતી. આવો મહોત્સવ કેટલાએ વર્ષમાં ન ઉજવાયો હોય તેમ આચાર્યશ્રી બુધ્ધિસાગરસૂરિશ્વરજીના શિષ્ય આચાર્ય શ્રી કીરતીસાગરજીના પ્રશિષ્ય ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજીની સુંદર વ્યાખ્યાનશૈલી સમજાવટથી અત્રેના શ્રી સંઘમાં અપુર્વ ઉત્સાહ જાગવાથી ઉજવાયો હતો.

શ્રી ચરમતીર્થપતિ મહાવીરની મૂર્તી સ્થાપિત થતા અસંખ્ય માણસો દર્શનનો લાભ લે છે. અને ઉપાધ્યાયશ્રીના વ્યાખ્યાનમાં પર્યુષણ મહાપર્વમાં આવતા માણસો કરતા ય હંમેશાં સ્ત્રીપુરૂષોની સંખ્યા હોય છે.

શ્રાવણ સુદ ૯ ને રવીવારે મહોત્સવ નિમીત્તે શેઠ હીરાચંદભાઈ કાપડીઆ તથા શેઠ શાંતીલાલ જીવણભાઈ તરફથી ગામના સકળ સંઘને સ્વામીવાત્સલ્ય આપ્યું હતુ.

## ભાભર

પ. પુ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય શાન્તીચંદ્રસુરીશ્વર તથા પન્યાસ શ્રી કંચનવીજયજી ગણી તથા પંન્યાસ શ્રી સોહનવીજયજી ગણી આદી ઠાણા દસ તથા સાધ્વીજી મહારાજ શ્રી સૌભાગ્યશ્રીજી આદી ઠાણા ૧૦ અત્રે ચાતુર્માસ રહેલ છે. વ્યાખ્યાનમાં શ્રાધ્ધ ગુણ "વિવરણ" તથા "ભાવનાધીકારી વિક્રમ ચરિત્ર" નું વાંચન ચાલે છે. અત્રે આચાર્ય મહારાજશ્રીના પધારવાથી વ્યાખ્યાન વિગેરેમાં લોકો સારો રસ લે છે.

અસાડ વદ ૬ ના રોજ પ. પુ. દાદાશ્રી જીતવીજયજી મહારાજ સાહેબની સ્વર્ગારોહણ તિથિ હોવાથી તે નિમીત્તે પ. પુ. આચાર્યદેવેશની નિશ્રામાં બહુ ધામધુમ પુર્વક ઉજવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ધનવંત શેઠનો સંવાદ તથા બાલીકાઓનો જયંતી વિષે સંવાદ તથા બાલીકાઓના રાસ દાંડીયા અને પ્રસંગોચિત વકતવ્યો થયાં હતાં.

અંતરાય કર્મની પુજા તથા રાત્રે ભાવના વિગેરે રાખવામાં આવેલ તે દિવસે ગામમાં ૨૦૦ આયંબીલ થયાં હતાં. તથા જૈન ભાઇઓએ ૧૨ વાગ્યા સુધી પાખી પણ રાખેલી હતી. ચૌમાસી ચૌદશના દીવસે ભાઇઓ તથા બહેનોમાં પૌસધની સંખ્યા સારા પ્રમાણમાં થઇ હતી. સાધ્વીજી મહારાજ શ્રી સૌભાગ્યશ્રીજી આદી ઠાણા દસનું ચોમાસુ હોવાથી શ્રાવીકાઓમાં ચતારી, આઠ, દસ, દોયનો તપ તથા સમોસરણ તપ તથા સીંહાસન તપ તથા વર્ધમાન તપ વિગેરે જુદા જુદા તપોની આરાધના ચાલુ છે.

પુ. પા. આચાર્યવીજય શાન્તીચંદ્રસુરીને અસાડ વદી એકમથી એકાંતર ઉપવાસની તપસ્યા ચાલુ છે. તેમાં અસાડ વદી ચૌદસના રોજ આચાર્ય મહારાજે દસ ઉપવાસનું પચ્ચખાણ કર્યું છે.

## કપડવંજ

## શ્રી સમેત શિખર તપની આરાધના

શ્રી પંચના ઉપાશ્રયે પૂ. પ્રસિધ્ધ વકતા ચંદ્રોદયસાગરજી મહારાજ સાહેબ ચોમાસું બીરાજે છે. વ્યાખ્યાન આદિમાં જનતા સારો લાભ લે છે. તેઓશ્રીના ઉપદેશથી "શ્રી સમેત શિખર તપની" શરૂઆત શ્રા. સુ. ૭ થી થયેલ છે જેમાં ૩૬૦ આબાલવૃધ્ધોએ લાભ લીધો છે. શ્રી ધર્મશાળાના હોલમાં શ્રી સમેત શિખરજીની રચના સુંદર ગોઠવેલ છે. જેની સમક્ષ હંમેશાં તપસ્વીઓ ઉલ્લાસપુર્વક ક્રિયા કરે છે. શ્રા. સુ. ૧ શનિવાર અને રવિવાર સમુદ્રસ્નાત્ર મહોત્સવ યોજેલ. બપોરના સ્વઅપરાધ પ્રકટીકરણ અને પાપની ક્ષમાપના વિ.

ક્રિયા કરાવવામાં આવેલ પૂ. મહારાજશ્રીએ સુંદર સમજુતી આપવાપુર્વક પાપની આલોચના કરાવેલ. જેમાં સારી સંખ્યામાં જનતાએ રસ બતાવેલ– અવરનવર તપસ્વીઓની ભક્તિ જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી કરવામાં આવે છે. પ્રભાવના, અખંડજાપ, ભાવના, રાત્રિજાગરણ, વિ. ઉત્સાહપુર્વક થાય છે. સુદ–૧૦ના આ તપ પૂર્ણ થતાં તપસ્વીઓનાં પારણાં થયાં. તેના મહોત્સવ નિમિત્તે વરઘોડો નીકળ્યો. અને સુદ–૧૪–૧૫–૧ શ્રી. શાંતિનાથના અટ્ઠમ થયા. આ રીતે જનતા સારી રીતે લાભ ઉઠાવે છે.

## લેખીત પરીક્ષા

શેઠ મણિભાઇ શામળભાઇ જૈન પાઠશાળાની પૂના જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની લેખીત પરીક્ષા તા. ૨૯/૩૦–૭–૬૧ના જ્ઞાનમંદિરમાં થયેલ જેમાં ૧૧૮ વિદ્યાર્થી ભાઇ–બ્હેનોએ ભાગ લીધો છે. પરીક્ષાના સમયે સદ્‌ગૃહસ્થોએ હાજરી આપેલ શ્રી. શંકરલાલ મગનલાલ તરફથી પરીક્ષાર્થીઓને સાકરની પ્રભાવના કરવામાં આવેલ.

## ખંભાત

અષાડ વદ–૧ શ્રી વીશા શ્રીમાળી પ્રગતિ મંડળના આશ્રયે બુધ્ધિપ્રભાના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ સોમચંદના પ્રમુખસ્થાને શેઠ શ્રી રતીલાલ મૂળચંદ બુલાખીદાસના સુપુત્ર શ્રી સુરેશભાઇ વિદ્યાભ્યાસ માટે અમેરિકા જતા હોઈ તેમના સન્માન સમારંભની સભા યોજવામાં આવી હતી જેમાં– સર્વશ્રી પુંડરિક ચોકશી, ધીરૂભાઈ, ભદ્રિક ચોકશી, ચિમનભાઈ ચોકશી, હિંમતભાઇ, જયંતિભાઇ, છબીલદાસ વિ.એ તેમના વિદ્યાભ્યાસની ઉત્તેજના માટે સમયોચિત પ્રવચનો કર્યાં હતાં.

પ્રમુખશ્રીએ સંસ્થા તરફથી વિદાય આપતા ફુલહાર કર્યા બાદ શ્રી સુરેશભાઇએ સુંદર શૈલિમાં જવાબ આપ્યો હતો છેવટે પ્રમુખશ્રીએ તેમના પ્રવાસની સફળતા ઈચ્છી હતી.

○○ ○○ ○○

ચત્રે પ્રખરવક્તા પૂ. કુશળવિજયજી મ. શ્રી શેઠ મૂળચંદ બુલાખીદાસ ઉપાશ્રયે ચોળાવાડા આયંબીલખાતામાં શ્રી ગૌતમપૃચ્છા અને વર્ધમાન દેશનાનાં વ્યાખ્યાનો અતિરોચક આકર્ષક શૈલિમાં આપે છે. જૈન જૈનેતર જનતા સારો લાભ લઇ રહી છે. ઉપાશ્રયમાં બેસવાની જગ્યા શોધવી પડે છે.

શ્રી વીસા ઓશવાલ– રાજીમતી જૈન શ્રાવિકા શાળાનો સમારંભ શ્રી જયંતિલાલ ભોગીલાલના પ્રમુખસ્થાને ઝવેરી કાન્તીલાલની મહેનતથી ઉજવાયો હતો.

શ્રી વીશા ઓશવાલ જૈન પ્રગતિ મંડળ ઉદ્યોગ મંદિર તથા રાજીમતી જૈન શ્રાવિકા શાળા તરફથી સિધ્ધિતપ કરનાર તપસ્વી બ્હેન વિજયાબેન તથા તનમનબેનને એક માનપત્ર આપવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

શ્રી સ્ત. ત. જૈન સંઘના આશ્રયે પ્રસિદ્ધવક્તા પૂ. મુનિ શ્રી કુશળવિજયજીની નિશ્રામાં પૂ. આ. શ્રી કલ્યાણસૂરીશ્વરજી મ.શ્રીની જયંતી ઉજવવામાં આવી હતી.

ઉપરોક્ત દરેક કાર્યક્રમોમાં ગરબા રાસ ગીત વિ. સમયોચિત સુંદર પ્રમાણમાં થયાં હતાં.

શ્રીલાડવાના ઉપાશ્રયે શેઠ બુલાખીદાસ હોલમાં તે નિમિત્તે ચતુર્વિધ સંઘની પુજા રાખવામાં આવી હતી.

માનવમેદનીએ ખુબખુબ રસ લીધો હતો.

શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળાએ નગરશેઠના પ્રમુખસ્થાને પુ. આ. શ્રીમદ્‌વિજયલબ્ધિસુરીશ્વરજી મ.શ્રીને શ્રદ્ધાંજલિ અર્પતી સભા યોજવામાં આવી હતી વક્તાઓએ સમયોચિત સુંદર નિરૂપણ કર્યું હતું. આવા મહાત્માઓની ન પુરાય એવી ખોટ પડી છે. તેઓશ્રી શાસનના એક સ્તંભરૂપ અને કર્તવ્યનિષ્ઠ હતા.

## મહેસાણા

### પારિતોષક સમર્પણ સમારંભ

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં

અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા થયા બાદ વાર્ષીક પરીક્ષાનો પારિતોષિક સમર્પણ સમારંભ તા. ૨૬-૮-૬૧ ના સવારના ૯॥ વાગે પરમપુજ્ય પરમ તપસ્વી પરમગીતાર્થ પુજ્ય ગણીવર્યશ્રી ધર્મ-સાગરજી મ. સાહેબ અને તેઓશ્રીના શિષ્ય વિદ્વદ્વર્ય પુજ્ય મુનીરાજશ્રી અભયસાગરજી મ. સાહેબ આદિની પુનીત નિશ્રામાં યોજવામાં આવેલ. પ્રારંભમાં પુજ્યશ્રીના મંગલાચરણ બાદ વિદ્યાર્થીઓએ શ્રીમન્મહાવીર દેવનાગુણગાન રૂપ પ્રાર્થના સંગીત સાથે કરેલ ત્યારબાદ સંસ્થાના માનદ સેક્રેટરી શ્રીયુત વકીલ ચીમનલાલ અમૃતલાલે આમંત્રણ પત્રીકાનું વાંચન કરેલ. માસ્તર શાન્તીલાલ સોમચંદ મહેતાએ વાર્ષીક રીપોર્ટ વાંચી સંભળાવેલ. પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠે પરીક્ષકોના અભી-પ્રાયોનું વાંચન અને રોચક શૈલીમાં પ્રાસંગીક વક્તવ્ય કરેલ. પં. પુખરાજજી અમીચંદજી કોઠારી, વકીલ ચીમનલાલ અમૃતલાલ, શેઠ પુનમચંદ વાડીલાલ (ઉંઝાવાળા) આદિએ સંસ્થાના વધારે વિકાસ અંગેના કેટલાક વિચારો રજુ કરેલ. ગુરૂ ગુણગાન સ્તુતિ થયા બાદ રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈના શુભ હસ્તે રૂા. ૨૦૦) નું રોકડ પારિતોષિક અભ્યાસીઓને અપવામાં આવેલ પુજ્ય મહારાજશ્રીનું મંગળમય પ્રવચન થયું હતું આ પ્રસંગે પરમ વિદુષી સાધ્વીજીશ્રી લાવણ્યશ્રીજી મ. સા. પુ. સાધ્વીજી પ્રમોદશ્રી આદિ મ સાહેબની સારા પ્રમાણમાં હાજરી હતી અને ડો. મગનલાલ લીલાચંદ, મણીયાર હરગોવનભાઈ કડીવાળા, બાબુ-લાલભાઈ શેઠ હઠીભાઈ પરસોતમદાસભાઈ પટવા મણીલાલ દોલાભાઈ મણીયાર ચંપકલાલભાઈ આદિ ધર્મપ્રેમી સજ્જનોની હાજરી હતી. વર્ધમાન તપની ઓલીનો પાયો નાખનાર વિ. શશીકાન્ત મોહનલાલ ને પુસ્તક ભેટ આપ્યું હતું. પુજ્ય શ્રી અભયસાગરજી મ. સા. ની પ્રેરણાથી શ્રી નમસ્કાર મહામંત્રની નવ દીવસની આરાધના એકાસણ આયંબીલ સાથે ૧૨ વિદ્યાર્થીઓએ કરી હતી.

તા. ૨૬-૮-૬૧ ના રોજ શ્રી મહાવીર સ્વામીના દેરાસરે અંગરચના સંસ્થાન તરફથી કરાવી હતી અને તે દીવસે વિદ્યાર્થીઓને દુધપાક પુરીનું જમણ આપવામાં આવ્યું હતું. રા. રા. શેઠ શ્રી જીવતલાલભાઈ આખો દીવસ સંસ્થામાં રોકાઈ સંસ્થાની સ્થાનીક કમીટીના સભ્યો સાથે સંસ્થાના ઉત્કર્ષ અંગે કેટલીક મહત્વની વીચારણા કરી હતી. સંસ્થા તરફથી પરીક્ષક કાન્તીલાલ સાયચંદ મહેતાએ માંડળ શ્રી ભારતી ભુષણ જૈન પાઠશાળાની પરીક્ષા લીધી. ઇનામ રૂા. ૬૮૫ નું ગોઠવવામાં આવ્યું હતું શ્રી ભાવનગરના બધી પાઠશાળાઓનો ઇનામ સમારંભ તા. ૨૭-૮-૬૧ નો હોવાથી પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠશ્રી ભાવનગર ધાર્મિક શીક્ષણ સંઘના આગ્રહથી ભાવનગર ગયા છે.

વિદાયગીરિ- વિ. પુનમચંદ કેવળદાસ છુટા થઇ મુંબઇ જતાં દોશી ગોપાળદાસ નાગરદાસના પ્રમુખસ્થાને સમારંભ યોજાયો હતો. રૂા. ૫૧) પુનમચંદે સંસ્થાને ભેટ કર્યા હતા.

## છોટાઉદેપુર

અત્રેના દેરાસરમાં શાંતિનાથ ભગવાન તથા પાર્શ્વનાથ ભગવાન તથા સુવીધીનાથ ભગવાન આદી પ્રતિમાજીઓમાંથી અષાઢ સુદ ૭ના રોજ અમી ઝર્યા હતા. આ અમીઝરણાં ચાર-પાંચ દિવસ ચાલુ રહ્યા હોવાથી અત્રે જૈન તથા જૈનેતર પ્રજાએ પ્રત્યક્ષ દર્શન કરી લાભ લીધો હતો.

અત્રે પુ. સાધ્વીજી રત્નપ્રભાશ્રી આદીની શુભ નિશ્રામાં અષાઢ વદ ૭ના રોજ અષ્ટ મહાસિધ્ધી તપ શરૂ કરવામાં આવેલ તેમાં સત્તર બહેનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. અત્રે મહાવીર જૈન યુવક મંડળ તરફથી ચાલતી પાઠશાળામાં તા. ૧૩-૮-૬૧ના રોજ પરીક્ષા રાખવામાં આવેલ છે. આમ ગુજરાતના ખૂણામાં આવેલ ગામમાં પણ મંડળ સારી રીતે પ્રગતિ કરી રહેલ છે. અને ગામમાં ધાર્મિક-ઉત્સાહ સારો છે

# ?.... ?.... ?.... ?....

"બુદ્ધિપ્રભા" ના વિકાસ માટે આપ સૌનો સહકાર આવશ્યક છે. આપને શું ગમે છે ને શું નથી ગમતું, કેમ ને શાથી એ સવાલોની ચર્ચા કરતી એક પ્રશ્નોત્તરી અત્રે અમે રજુ કરીએ છીએ. જેના ટૂંકાણમાં ને મુદ્દાસર જવાબો દરેક વાંચક ભાઇ-બહેનોને કાર્યાલયને સરનામે મોકલવા વિનંતી છે.—તંત્રીઓ.

(૧) "બુદ્ધિપ્રભા" તમને ગમ્યું ? શાથી ?

(૨) બાર મહિનામાં "બુદ્ધિપ્રભા" નો તમારી દૃષ્ટિએ કયો લેખ, વાર્તા, કાવ્ય વ. શ્રેષ્ઠ લાગ્યું ?

(૩) "બુદ્ધિપ્રભા" ના કયા લેખક તમને વધુ વાંચવા ગમે છે ?

(૪) સંપાદનમાં તમને વધુ શું ઉમેરવા જેવું લાગે છે ?

(૫) શ્રીમદ્ બુદ્ધિસાગરજીના સાહિત્યના કેટલા પાના રાખીએ તો તમને ગમે ?

(૬) તંત્રી લેખ તમને જરૂરી લાગે છે ?

(૭) શાસન સમાચાર માટે આપનો શો અભિપ્રાય છે ?

(૮) તમને વધુ શું ગમે ? વાર્તા, લેખ, કાવ્ય, પત્રો, વિવેચન ?

(૯) દર અંકે ચાલુ રહેતી વાર્તા તમને ગમશે ?

(૧૦) વાંચકોના વિચાર રજુ કરતી કટાર શરૂ કરીએ તો તમે વધાવશો ?

(૧૧) "જ્ઞાન ચર્ચા" જેવી કટાર શરૂ કરીએ તો તમને ગમશે ? તેમાં તમે કેટલો ભાગ લેશો ?

(૧૨) સ્વતંત્ર વિભાગો શરૂ કરીએ તો તમને વાંચવામાં આનંદ આવશે ? એવા કયા વિભાગો તમે વાંચવા માગો છો ?

(૧૩) "બુદ્ધિપ્રભા" ના તમને કેટલા પાના રાખવા પસંદ છે ?

(૧૪) વાર્ષિક લખાણોમાંથી શ્રેષ્ઠ લખાણોને ઈનામોની યોજના રાખીએ તો ?

(૧૫) "બુદ્ધિપ્રભા" જાહેર ખબરો લે છે તે માટે આપનું શું મંતવ્ય છે ?

(૧૬) "બુદ્ધિપ્રભા" સમૃદ્ધ બને અને શ્રીમદજીનું સાહિત્ય વધુ ને વધુ વંચાતુ થાય તે માટે આપની પાસે કોઈ યોજના છે ?

(૧૭) જૈન સાહિત્ય સિવાય ઈતર સાહિત્ય "બુદ્ધિપ્રભા" માં વાંચવું આપને ગમશે ?

(૧૮) સળંગ સચિત્ર નવલકથા શરૂ કરીએ તો ?

(૧૯) પ્રથમ પાને શું હોય તો ગમે ? પ્રભુની વાણી, શ્રીમદજીનું ચિંતન, સૂત્રોની વિશ્લેષણા કાવ્ય કે ચિંતન કણિકાઓ ?

(૨૦) મુખપૃષ્ઠની પાછળની બન્ને બાજુએ માનદ પ્રચારકોના નામ તેમજ જાહેરાતના ભાવ મૂકીએ છીએ તે તમને પસંદ છે ?

(૨૧) એ બન્ને બાજુએ તમે શું મૂકવા માંગો છો ?

(૨૨) દર અંકે મહાપુરૂષોના સંક્ષિપ્ત પ્રસંગ ચિત્રો આપીએ તો તમને ગમશે ?

# "બુદ્ધિપ્રભા" વાંચવાનો આગ્રહ રાખો:—

બુધ્ધિપ્રભાએ માત્ર ટુંકા જ ગાળામાં અપ્રતિમ પ્રગતિ સાધી છે. ધીમે ધીમે પણ એક પછી એક ડગલું માંડતાં આજ એ મક્કમ પગલાં ભરી રહ્યું છે. માત્ર બે જ વરસના અતિ અલ્પ ગાળામાં જૈનેતર સાહિત્યમાં પણ માગ મૂકાવે એવી વાચનસામગ્રી એ આપે છે.

## ચિંતન કણિકા....(લે. મૃદુલ)

જૈન સમાજના બધા જ સામયિકોમાં એક નવી જ ભાત પડતો આ વિભાગ છે. આકર્ષક ને જોશીલી, કાવ્ય પંક્તિઓ જેવી જ્ઞાનની, વિચારની, ચિંતનની જીવનની સમજની એવી તેજ કણિકાઓ આ વિભાગમાં નિયમિત આવે છે. ઊઘડતા પાને જ એ વાંચો.

## ગંગાના ઓવારેથી...(લે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી)

પૂજ્ય ગુરૂદેવે એમના જીવનમાં અઢળક સાહિત્યની સર્જના કરી છે. ચિંતનાત્મક ને અભ્યાસી સાહિત્યના અનેક અંગોને એમણે અજવાળ્યા છે. કર્મ, યોગ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, પત્રો, ચરિત્ર, ગઝલો વ. અનેકવિધ સાહિત્યાંગોની એમણે સાધના કરી છે. એમની સર્જના એ ગંગાના નીર જેવી પવિત્ર, વહેતી અને નિર્મળ છે. દર અંકે ગુરૂદેવના એ ગંગાજળનું આચમન કરો.

## ગાતા ફુલ....(લે. મૃદુલ)

જૈન સામયિકોમાં તદ્દન નવી જ ભાત પાડતો વિભાગ ! ભ. મહાવીરના જીવન પ્રસંગોનું અભિનવ શૈલીથી આલેખન કરતો એક નિરાળો જ વિભાગ ! એક એક પ્રસંગની એવી આકર્ષક ને મનોરમ્ય ગુંથણી થય છે કે કોઇ ગીત ગણગણીએ તેમ એ ગદ્યગીતો વાંચ્યા જ કરીએ. ઉદાત્ત કલ્પનાઓથી સભર, રસળતી શૈલી અને સંગીત મધુર શબ્દોમાં આ ગાતા ફુલોનું ગાયન જરૂર સાંભળો.

અને આ ઉપરાત સુંદર વાર્તાઓ, જ્ઞાનસભર લેખો અને શાસન સમાચાર નિયમિત આવે છે. છતાંય "બુધ્ધિપ્રભા"નું લવાજમ શું છે એ ખબર છે ?

: : લવાજમના દર : :

પાંચ વરસના ગ્રાહકના રૂ. ૧૩ : ૦૦   બે વરસના ગ્રાહકના રૂ. ૫ : ૫૦
ત્રણ " " રૂ. ૮ : ૦૦   એક " " **માત્ર ત્રણ રૂપિયા**

"બુદ્ધિપ્રભા"ની ઓફિસના **તમામ કામ** માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો :—

## બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o શ્રી. જસવંતલાલ ગીરધરલાલ શાહ
૩૦૯/૪, ખત્રીની વાડી, દેશીવાડાની પોળ,
**અ મ દા વા દ.**


આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.